અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


01 JANUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 181 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
પાકિસ્તાનને હથિયાર આપનાર દેશે કર્યો મધ્યસ્થીનો દાવો: ટ્રમ્પ બાદ હવે ચીન ભારત-પાક યુદ્ધવિરામનું શ્રેય લેવા મેદાને

4 
નવા વર્ષની શરૂઆત, ધ્યાન દિવસનાં ત્રિપરિમાણીય અર્થનાં વ્યાપને સમજીને કરીએ

6 
'શરારત મારા અને આયેશા માટે જ લખાયું હતું' : 'ધુરંધર'ના ગીતના વિવાદ પર ક્રિસ્ટલ ડિસોઝાએ મૌન તોડ્યું

7 
વોરેન બફેટે ગુસ્સામાં ખરીદી હતી બર્કશાયર કંપની: જેને જીવનની સૌથી મોટી ભૂલ ગણાવી તેણે જ ₹98 લાખ કરોડના....


# કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય : 100 mgની પેઇનકિલર દવા Nimesulide પર પ્રતિબંધ

## સરકારનું કહેવું છે કે આ દવા સ્વાસ્થ્ય માટે જોખમરૂપ છે, આ નિર્ણય ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, 1940ની કલમ 26એ હેઠળ લેવામાં છે

**નવી દિલ્હી, તા.31**

કેન્દ્ર સરકારે Nimesulide (પેઈન કિલર) દવા પર મોટો નિર્ણય લીધો છે. 100mgથી વધારે માત્રા વાળી Nimesulideની ગોળીઓના નિર્માણ, વેચાણ, અને વિતરણ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવી દીધો છે. સરકારનું કહેવું છે કે આ દવા સ્વાસ્થ્ય માટે જોખમરૂપ છે. તેના સુરક્ષિત વિકલ્પો બજારમાં ઉપલબ્ધ છે. આ નિર્ણય ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, 1940ની કલમ 26એ હેઠળ લેવામાં આવ્યો છે. સરકારે ટાંક્યું છે કે આ દવાનું વધારે માત્રામાં સેવન માણસોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. આરોગ્ય મંત્રાલયના નોટિફિકેશન મુજબ, 100mgથી વધારે Nimesulide (પેઈન કિલર) દવા લોકો માટે ખતરારૂપ છે, આ એક નોન-સ્ટીરોઈડલ એન્ટી-ઈન્ફ્લેમેટરી દવા (NSAID) છે, જેની લીવર પર સંભવિત ઝેરી અસર અને અન્ય આડઅસરો અંગે દુનિયાભરમાં તપાસ થઈ રહી છે. સરકારે ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડની સલાહ લીધા બાદ આ નિર્ણય લીધો છે. આદેશ મુજબ, આ દવા પર પ્રતિબંધ સમગ્ર દેશમાં લાગુ પડશે. જો કે ઓછા ડોઝ વાળા ફોર્મ્યુલેશન અને અન્ય સુરક્ષિત વિકલ્પ બજારમાં મળી રહેશે.




આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર 100 mgથી વધારે Nimesulideના ઓરલ ફોર્મ્યુલેશન તરત જ રિલીઝ થતાં ડોઝના રૂપમાં હોય છે જે ખતરો ઊભો કરે છે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય પાછળનો ઉદ્દેશ્ય લોકોનું આરોગ્ય જોખમાય નહીં તે છે.

Nimesulide નામની આ દવા નોન-સ્ટીરોઈડલ એન્ટી-ઈન્ફ્લેમેટરી છે, જે લીવર પર અસર કરે છે, તેનો પ્રભાવ જાણવા હાલ દુનિયાભરમાં તપાસ ચાલી રહી છે. આ પગલું સુરક્ષા હેતુને ચકાસવા અને વધારે ખતરનાક દવાઓનો ધીરે ધીરે નાશ કરવા માટે છે.

# ભારતના 'પ્રલય'થી કાંપી ઉઠશે દુશ્મન દેશો : બેલેસ્ટિક મિસાઈલ પ્રલયનું બે વખત સફળ પરીક્ષણ

**નવી દિલ્હી, તા.31**

ભારતે (31 ડિસેમ્બર) સંરક્ષણ ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સ્વદેશી જ્ઞાન અને કૌશલ્યથી નિર્મિત, ટૂંકા અંતરની સપાટીથી સપાટી પર માર કરનારી 'પ્રલય' મિસાઈલનું ઓડિશાના અબ્દુલ કલામ દ્વીપ પરથી એક જ કલાકના ગાળામાં સતત બે વખત સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ સફળતા સાથે ભારતીય સેનાની વ્યૂહાત્મક શક્તિમાં અનેકગણો વધારો થયો છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા વિકસાવવામાં આવેલી 'પ્રલય' એક અર્ધ-બેલેસ્ટિક વ્યૂહાત્મક મિસાઈલ (SRBM) છે.

ભયાનક પ્રહાર શક્તિ : આ મિસાઈલ 150 કિલોમીટરથી 500 કિલોમીટર સુધીના અંતરે દુશ્મનના ઠેકાણાઓને સચોટ નિશાન બનાવવાની ક્ષમતા ધરાવે છે. તે 350 કિલોગ્રામથી લઈને 1000 કિલોગ્રામ સુધીના પરંપરાગત હથિયારો વહન કરી શકે છે, જેમાં કવચ વિરોધી વોરહેડનો પણ સમાવેશ થાય છે.



દુશ્મનને ચકમો આપવામાં સક્ષમ : પ્રલય મિસાઈલની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ઉડાન દરમિયાન હવામાં જ પોતાનો રસ્તો બદલી શકે છે. આ ક્ષમતાને કારણે તે દુશ્મનની ઈન્ટરસેપ્ટર મિસાઈલોને સરળતાથી ચકમો આપી શકે છે.

અત્યાધુનિક ટેકનોલોજી : આ મિસાઈલ અત્યાધુનિક નેવિગેશન અને એવિઓનિક્સ સિસ્ટમથી સજ્જ છે. તેને મલ્ટિ-એક્સલ ટ્રક (TEL) દ્વારા ગમે ત્યાં લઈ જઈ શકાય છે અને ખૂબ જ ઝડપથી તૈનાત કરી શકાય છે.

પરમાણુ હથિયાર વિના પણ વિનાશક : વર્ષ 2022માં સેવામાં સામેલ થયેલ આ મિસાઈલ પરમાણુ હથિયારોના ઉપયોગ વિના પણ દુશ્મન દેશને જડબાતોડ જવાબ આપવા માટે સક્ષમ છે. આ મિસાઈલની રચના એવી રીતે કરવામાં આવી છે કે તે યુદ્ધના મેદાનમાં ટૂંકા ગાળામાં મોટું નુકસાન પહોંચાડી શકે.

આજના સફળ પરીક્ષણ બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ડીઆરડીઓની આખી ટીમને અભિનંદન પાઠવ્યા છે. ડીઆરડીઓના અધ્યક્ષ સમીર વી. કામતે પણ વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોની મહેનતની પ્રશંસા કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત આગામી દિવસોમાં અન્ય ઘણી નવી અને અત્યાધુનિક મિસાઈલોના પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે. સાથે જ જૂની મિસાઈલ સિસ્ટમ્સના આધુનિકીકરણ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

# ઇન્ડિગો પર ₹458 કરોડથી વધુનો GST દંડ: એરલાઇને કહ્યું- આદેશને પડકારશે

**નવી દિલ્હી, તા.31**

દેશની સૌથી મોટી એરલાઇન ઈન્ડિગો પર દિલ્હી સાઉથ કમિશનરેટના CGSTના અધિક કમિશનર દ્વારા 458 કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે. કંપનીએ મંગળવારે જણાવ્યું હતું કે આ દંડ કેન્દ્રીય વસ્તુ અને સેવા કર (CGST) અધિનિયમ, 2017ની કલમ 74 હેઠળ નાણાકીય વર્ષ 2018-19 થી 2022-23ના આકારણી સાથે સંબંધિત છે.

એરલાઈન મુજબ, કુલ GST માંગ 458,26,16,980 છે. કંપનીએ જણાવ્યું હતું કે GST વિભાગે વિદેશી સપ્લાયર પાસેથી મળેલી ક્ષતિપૂર્તિ (કમ્પેન્સેશન) પર ટેક્સની માંગ, વ્યાજ અને દંડ લગાવ્યો છે, સાથે જ ઈનપુટ ટેક્સ ક્રેડિટને પણ રદ કરવામાં આવી છે. કંપનીએ બાહ્ય ટેક્સ સલાહકારોના અભિપ્રાયના આધારે આ દંડને ખોટો ગણાવ્યો. ઈન્ડિગોનું કહેવું છે કે આ આદેશ કાયદાની વિરુદ્ધ છે અને તે તેને કોર્ટમાં પડકારશે. કંપની મુજબ, આ આદેશની તેના નાણાકીય પરિણામો, સંચાલન અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ મોટી અસર નહીં પડે. આ પહેલીવાર નથી જ્યારે ઈન્ડિગો પર GST સંબંધિત ટેક્સ વિવાદ સામે આવ્યો હોય. આ પહેલા 30 માર્ચે ઈનકમ ટેક્સે કંપનીને 944.20 કરોડનો પેનલ્ટી



ઓર્ડર મોકલ્યો હતો. કંપનીએ જણાવ્યું કે 2021-22 એસેસમેન્ટ યર માટે ઈનકમ ટેક્સ એક્ટ 270A હેઠળ આ પેનલ્ટી લગાવવામાં આવી હતી.

એરલાઈને આ આદેશને 'ખોટો અને પાયાવિહોણો' ગણાવ્યો. ઈન્ડિગોના જણાવ્યા અનુસાર, આ પેનલ્ટી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટના એસેસમેન્ટ યુનિટ દ્વારા લાદવામાં આવી હતી. જ્યારે, વધારાનો 2.84 કરોડનો દંડ ચેન્નઈના સંયુક્ત કમિશનર દ્વારા લાદવામાં આવ્યો હતો. આ વિવાદ 2018થી 2020 સુધીના નાણાકીય રેકોર્ડમાં વિસંગતતાઓને કારણે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) નામંજૂર કરવા સાથે સંબંધિત છે.

6 જાન્યુઆરીના રોજ એર કાર્ગો કોમ્પ્લેક્સ (ઈમ્પોર્ટ)ના પ્રધાન આયુક્ત (કસ્ટમ્સ)એ ઈન્ડિગો પર એરક્રાફ્ટ પાર્ટ્સની આયાત પર શુલ્ક મુક્તિ અસ્વીકૃત કરતા 2.17 કરોડનો દંડ ફટકાર્યો હતો. 5 ફેબ્રુઆરીના રોજ GST ડિપાર્ટમેન્ટ તરફથી ઈન્ડિગોને 116 કરોડ રૂપિયાનો ટેક્સ ડિમાન્ડ નોટિસ મળ્યો હતો.

15 જાન્યુઆરીના રોજ સીમા શુલ્ક વિભાગે ઈન્ડિગો પર જેટ ફ્યુઅલ ડ્યુટી સંબંધિત એક કેસમાં 25 લાખથી વધુનો દંડ ફટકાર્યો હતો. લખનઉની જોઈન્ટ કમિશનર ઓફિસે નાણાકીય વર્ષ 2021-22 માટે ઈન્ડિગો પર 14 લાખ 59 હજારનો દંડ ફટકાર્યો.

આ વર્ષે નવેમ્બર અને ડિસેમ્બરની શરૂઆતમાં ઈન્ડિગોને મોટા પાયે ઓપરેશન્સ સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વાસ્તવમાં, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ પાઈલટોના આરામ માટે નવા 'ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટ' (FDTL) નિયમો લાગુ કર્યા હતા. એરલાઈન આ નિયમો મુજબ પોતાના ક્રૂ અને રોસ્ટરને સમયસર મેનેજ કરી શકી નહીં. જેના પરિણામે નવેમ્બરના અંત અને ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ઈન્ડિગોની લગભગ 5,000 ફ્લાઈટ્સ રદ થઈ અથવા મોડી પડી. હજારો મુસાફરો ફસાયા અને ભારે હોબાળા બાદ DGCAએ ઈન્ડિગો વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું. રેગ્યુલેટરે ઈન્ડિગોને તેના વિન્ટર શેડ્યૂલમાં 10%નો ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો, જેથી ઓપરેશન્સને ફરીથી પાટા પર લાવી શકાય.

# કોંગ્રેસે કહ્યું- ચીન રાષ્ટ્રીય સુરક્ષાની મજાક ઉડાવી રહ્યું છે: ટ્રમ્પનો પણ 65 વખત ભારત-પાક યુદ્ધ અટકાવવાનો દાવો, તો પણ PM મોદીનું મૌન ચિંતાજનક

**નવી દિલ્હી, તા.31**

ચીનના ભારત-પાકિસ્તાન યુદ્ધ રોકવાના દાવા પર કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી સ્પષ્ટતા માંગી છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે બુધવારે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીનું મૌન અત્યંત ચિંતાજનક છે અને તેનાથી રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

તેમણે X પર લખ્યું - 4 જુલાઈએ સેનાના ઉપ પ્રમુખ લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત ખરેખર ચીનનો સામનો કરી રહ્યું હતું. જો ચીન ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન સાથે ઊભું હતું, તો તેનો ભારત-પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થીનો દાવો અત્યંત ચિંતાજનક છે. આવા નિવેદનો આપણી રાષ્ટ્રીય સુરક્ષાની મજાક ઉડાવતા હોય તેવા લાગે છે.

જયરામ રમેશે કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સતત એવો દાવો કરતા રહ્યા છે કે 10 મેના રોજ ઓપરેશન સિંદૂરને રોકવા માટે તેમણે વ્યક્તિગત રીતે હસ્તક્ષેપ કર્યો હતો. ટ્રમ્પે અલગ-અલગ મંચો પર અને ઓછામાં ઓછા સાત દેશોમાં 65 વખત આ વાત કહી, પરંતુ વડાપ્રધાને તેમના મિત્રના આ દાવાઓ પર આજ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

આ દાવાને ભારત-ચીન સંબંધોના સંદર્ભમાં પણ જોવો જરૂરી છે. ભારતે ચીન સાથે ફરીથી વાતચીત શરૂ કરી છે, પરંતુ આ વાતચીત ચીની શરતો પર થતી



દેખાઈ રહી છે. 19 જૂન 2020 ના રોજ વડાપ્રધાન દ્વારા ચીનને આપવામાં આવેલી 'ક્લીન ચિટ' થી ભારતની વાતચીતની સ્થિતિ નબળી પડી.

દેશની વેપાર ખાધ રેકોર્ડ સ્તરે છે અને આપણી નિકાસનો મોટો હિસ્સો ચીનથી આયાત પર નિર્ભર છે. અરુણાચલ પ્રદેશને લઈને ચીનની ઉશ્કેરણીજનક ગતિવિધિઓ પણ સતત ચાલુ છે. આવી અસંતુલિત અને શત્રુતાપૂર્ણ પરિસ્થિતિઓમાં, દેશની જનતાને સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે ઓપરેશન સિંદૂરને અચાનક રોકવામાં ચીનની શું ભૂમિકા હતી.

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ મંગળવારે બેઈજિંગમાં આયોજિત એક કાર્યક્રમમાં દાવો કર્યો હતો કે ચીને ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં થયેલા સૈન્ય તણાવને ઓછો કરવામાં ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે ચીન વિશ્વના ઘણા સંઘર્ષોને ઉકેલવામાં મદદ કરતું રહ્યું છે.

ચીનના વિદેશ મંત્રાલયે તેમના આ નિવેદનને સોશિયલ મીડિયા પર શેર કર્યું. ભારત સરકારે બુધવારે ચીનના આ દાવાને નકારી કાઢ્યો છે. ભારતે કહ્યું છે કે સંઘર્ષને રોકવામાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નથી. ચીન અને ટ્રમ્પના દાવાઓથી વિપરીત, ભારત સરકારે પહેલા પણ સ્પષ્ટપણે કહ્યું છે કે આ સમગ્ર મામલામાં કોઈ ત્રીજા દેશની કોઈ ભૂમિકા નહોતી. ભારતનું કહેવું છે કે આ તણાવ સીધો ભારત અને પાકિસ્તાનની સેનાઓ વચ્ચેની વાતચીતથી જ સમાપ્ત થયો.

ભારત અનુસાર, ભારે નુકસાન થયા પછી પાકિસ્તાનના સૈન્ય અધિકારીએ ભારતીય સૈન્ય અધિકારીનો સંપર્ક કર્યો હતો. ભારતનું કહેવું છે કે પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે ભારતીય DGMO સાથે વાત કરી અને ત્યારબાદ બંને દેશો 10 મેથી જમીન, હવા અને સમુદ્રમાં તમામ પ્રકારની સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમત થયા.

# ઇન્દોરમાં દૂષિત પાણીથી 8 મોત: સરકારે માત્ર 3ની પુષ્ટિ કરી, 111 દર્દીઓ દાખલ

**ઇન્દોર, તા.31**

દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં દૂષિત પાણી પીવાથી વધુ 3 લોકોનાં મોત થયા હોવાની માહિતી સામે આવી છે. આ રીતે અત્યાર સુધીમાં કુલ 8 લોકોના મોત થયા છે. જેમાં એક પુરુષ પણ સામેલ છે.

જોકે, વહીવટી તંત્રએ માત્ર ત્રણ મૃત્યુની જ સત્તાવાર પુષ્ટિ કરી છે. જેમાં નંદરામ (70), ઉર્મિલા (60) અને તારાબાઈ કોરી (70)નો સમાવેશ થાય છે. જણાવવામાં આવ્યું છે કે આ ત્રણેયના મોત ડાયેરિયાથી થયા છે. હાલમાં અલગ-અલગ હોસ્પિટલોમાં 111 લોકો દાખલ છે. વિસ્તારમાં ભયનો માહોલ છે. જે અન્ય 3 લોકોના મોત થયા છે, તેમાં ગોમતી રાવત (50), ઉમા કોરી (31), સંતોષ બિગોલિયાનો સમાવેશ થાય છે. બંને મહિલાઓ ભાઉ ગલી, ભાગીરથપુરાની રહેવાસી હતી. ગોમતી રાવતનું મૃત્યુ 26 ડિસેમ્બરે થયું હતું.

આ પહેલા મંગળવારે નંદલાલ પાલ (75), ઉર્મિલા યાદવ (69), ઉમા કોરી (31), મંજુલા પતિ દિગંબર (74) અને સીમા પ્રજાપતિ (50)ના મોતની માહિતી સામે આવી હતી. અરબિંદો હોસ્પિટલમાં 3 દર્દીઓને ICUમાં રાખવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને CMHO ડો. માધવ હસાનીના નિર્દેશ પર અહીં 100 બેડવાળા યુનિટની અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. દિવસભરમાં 5 મોતની જાણકારી, મોડી રાત્રે 3 અન્ય મોતની સૂચના સોમવારે રાત્રે આ મામલો ત્યારે સામે આવ્યો, જ્યારે મંત્રી કૈલાશ વિજયવર્ગીય અચાનક દિલ્હીથી ઈન્દોર પહોંચ્યા અને વર્મા હોસ્પિટલ ગયા. ત્યારબાદ જાણવા મળ્યું કે 150થી વધુ લોકો બીમાર થઈ ગયા છે. મંગળવારે દિવસભરમાં 5 મૃત્યુની જાણકારી મળી, જ્યારે મોડી રાત્રે 3 અન્ય મૃત્યુની સૂચના સામે આવી. આમ કુલ 8 લોકોના મૃત્યુની પુષ્ટિ થઈ છે. અત્યાર સુધીની સ્થિતિ પરથી સ્પષ્ટ છે કે છેલ્લા એક અઠવાડિયાથી લોકો બીમાર પડી રહ્યા હતા. સંભવતઃ પ્રથમ મૃત્યુ (26 ડિસેમ્બરે) ગોમતી રાવતનું થયું હતું. આમ પાંચ દિવસમાં 8 લોકોના મૃત્યુ થઈ ચૂક્યા છે.




# 2027 સુધી અમદાવાદીઓને ટ્રાફિક નડશે! જૂના વાડજ, સારંગપુર, અસારવા બ્રિજ તૈયાર થતાં બે વર્ષ લાગશે

**અમદાવાદ, તા.31**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે અનેક નવા બ્રિજ અને જૂના બ્રિજના રિકન્સ્ટ્રક્શનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, આ પ્રોજેક્ટ્સને કારણે આગામી બે વર્ષ એટલે કે ડિસેમ્બર 2027 સુધી અમદાવાદીઓએ ટ્રાફિક જામ અને ઉબડખાબડ રસ્તાઓની સમસ્યાનો સામનો કરવો પડશે. અસારવા, સારંગપુર અને જૂના વાડજ જેવા મુખ્ય જંક્શનો પર હાલમાં કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.



મળતી માહીત અનુસાર, અમદાવાદમાં 330 કરોડ રૂપિયાના ખર્ચથી અસારવા ઉપરાંત સારંગપુર તથા જુનાવાડજ જંકશન ઉપર ફલાયઓવર બ્રિજ બનાવાની કામગીરી ચાલી રહી છે. અસારવા તથા સારંગપુર બ્રિજનુ રિકન્સ્ટ્રકશન થઈ રહ્યુ છે. આ ઉપરાંત સુભાષ બ્રિજનુ સુપર સ્ટ્રકચર તોડી નવુ સુપર સ્ટ્રક્ચર બનાવવા 110 કરોડ રૂપિયા ખર્ચાશે. જીવરાજ મહેતા, નાથાલાલ ઝઘડા તેમજ ચંદ્રભાગા બ્રિજ ઉપર ત્રણ કરોડના ખર્ચે રીપેરીંગ ચાલી રહ્યું છે. જે 15 દિવસમાં પુરુ કરાશે. અલગ અલગ વિસ્તારમાં બની રહેલા ત્રણ નવા બ્રિજની કામગીરી ડિસેમ્બર 2027 સુધી ચાલશે. આ ઉપરાંત પણ અલગ અલગ વિસ્તારમાં બ્રિજની કામગીરી ચાલતી હોવાના કારણથી શહેરીજનોએ બે વર્ષ સુધી વિવિધ રસ્તાઓ ઉપર ટ્રાફિકની સમસ્યા સહન કરવી પડશે.

અસારવા બ્રિજના રીકન્સ્ટ્રકશન માટે 89.83 કરોડ રૂપિયાના ખર્ચે એપીસી બિલ્ડકોન પ્રા.લી.ને કામગીરી આપવામા આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ બ્રિજના રિકન્સ્ટ્રક્શનની કામગીરી જૂન 2027 સુધીમાં પુરી કરવાની છે. સારંગપુર રેલવે ઓવરબ્રિજનું 13.25 કરોડ રૂપિયાના ખર્ચે રિકન્સ્ટ્રકશન ચાલી રહ્યું છે. આ બ્રિજની કામગીરી પૈકી એપ્રોચ પોર્શનની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરાવામા આવી રહી છે. સારંગપુર બ્રિજની કામગીરી પુરી થયા પછી કાલુપુર બ્રિજના રિકન્સ્ટ્રકશનની કામગીરી શરૂ કરવામા આવશે.

જુનાવાડજ જંકશન ઉપર 128 કરોડ રૂપિયાના ખર્ચથી ફલાયઓવર બ્રિજ બનાવવા રચના કન્સ્ટ્રકશનને કામગીરી અપાઈ છે. મે 2026 સુધીમાં આ ફલાયઓવર બ્રિજની કામગીરી પુરી કરવા કોન્ટ્રાક્ટરને કોર્પોરેશન તરફથી તાકીદ કરવામા આવી છે. હાલની પરિસ્થિતિમાં શહેરમાં જે સ્થળે બ્રિજ બનાવાની કામગીરી ચાલી રહી છે. તેને કનેક્ટ થતા એપ્રોચ રસ્તાઓ એટલી ખરાબ હાલતમાં છે કે વાહન ચાલકોને ઉબડખાબડ રસ્તા ઉપરથીવાહન લઈને પસાર થવુ પડે છે. લોકોને પડી રહેલી મુશ્કેલી અંગે બ્રિજ પ્રોજેકટ વિભાગનુ ધ્યાન હજુ સુધી પડયુ નથી.

નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા વાયએમસીએ નજીક ફલાયઓવર બ્રિજ બનાવામા આવી રહ્યો છે. બ્રિજની કામગીરીને કારણે વાયએમસીએથી કર્ણાવતી કલબ તરફનો રસ્તો બંધ કરી ડાઈવર્ઝન અપાયુ છે. આ બ્રિજની કામગીરીને લઈને આ રોડ ઉપર પણ લાંબા સમય સુધી ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળે છે. ખાસ કરીને પીક અવર્સમાં લોકો ટ્રાફિક જામને લઈ ત્રસ્ત બની જાય છે.

વર્ષ 2019માં 65 કરોડ રૂપિયાના ખર્ચથી બનાવાયેલા ઈન્કમટેક્સ ફલાયઓવર બ્રિજ ઉપર ફિંગર ટાઈપ એક્સપાન્શન જોઈન્ટના બોલ્ટ લુઝ થવાથી જોઈન્ટ ખુલી ગયા હતા. એકસપાન્શન જોઈન્ટના રીપેરીંગ, લુઝ બોલ્ટ બદલવા, એકસપાન્શન જોઈન્ટને એપોકસી તથા માઈક્રો કોન્ક્રીટ દ્વારા રીપેર કરવા બ્રિજ બનાવનાર કોન્ટ્રાકટર રણજીત બિલ્ડકોનના ડીફેકટ લાયાબીલીટી પિરીયડમાં બ્રિજ આવતો હોવાથી તેની પાસે કરાવાઈ છે.

# 'ભાગીને લગ્નના કાયદા બાબતે સરકાર વિચાર કરી રહી છે': પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી

## કેબિનેટમાં સાયબર ફ્રોડથી લઈ લગ્ન-નોંધણીના નિયમો સુધી મહત્વના મુદ્દાઓ પર ચર્ચા

**ગાંધીનગર, તા.31**

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ મહત્વના નિર્ણયો અને ચર્ચાઓની માહિતી આપી હતી. બેઠકમાં ખાસ કરીને વધતા સાયબર ફ્રોડ મુદ્દે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. ફ્રોડ માટે મોકલાતી લિંકમાં છુપાયેલા વાયરસ મારફતે ડેટા ચોરી થતી હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. Dy. Cm. હર્ષ સંઘવીએ પોલીસ વિભાગ સાથે સાયબર ક્રાઈમને કાબૂમાં લેવા માટે ખાસ ચર્ચા કરી હોવાનું પણ જણાવાયું હતું. સાયબર ફ્રોડ માટે 1930 હેલ્પલાઈન કાર્યરત હોવાનું સરકારે ફરી એકવાર જનતાને યાદ અપાવ્યું છે. કેબિનેટ બેઠકમાં ગ્રામિણ સહકારી બેંકોના વ્યાપ વધારવા અંગે પણ ચર્ચા થઈ હતી. રાજ્યની 9 સહકારી બેંકોને નાબાર્ડ મારફતે વધુ લાભ મળે તે દિશામાં સમીક્ષા કરવામાં આવી છે. આ સાથે રાજ્યના સર્વાંગી વિકાસ માટે જિલ્લા સ્તરે GDP ગ્રોથ વધારવા મુખ્ય સચિવને જરૂરી સૂચનાઓ



આપવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું. જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સુરત શહેરને સ્લમ ફ્રી સિટી બનાવવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. ઉપરાંત ગુજરાતમાં કુલ 5 લાખ પ્રધાનમંત્રી આવાસનું નિર્માણ કરવામાં આવશે. કૃષિ રાહત પેકેજ અંતર્ગત અત્યાર સુધી 29 લાખ ખાતેદારોને લાભ મળી ચૂક્યો હોવાનું પણ તેમણે જણાવ્યું. આગામી રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનની જાહેરાત કરવામાં આવી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રની વાઈબ્રન્ટ સમિટમાં પ્રધાનમંત્રી હાજર રહેશે, જેને લઈને સરકાર દ્વારા તૈયારી શરૂ કરવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રીએ સ્વીકાર્યું. પોલીસ કર્મચારીઓના પગાર મુદ્દે ઉઠેલી ચર્ચા અંગે સ્પષ્ટતા કરતા જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ગ્રાન્ટના અભાવે પગાર વિલંબ થયો છે, પરંતુ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ મુદ્દે ગંભીરતાથી ચિંતા વ્યક્ત કરી રહ્યા છે અને ટૂંક સમયમાં મહત્વનો નિર્ણય લેવામાં આવશે. ગુજરાતમાં પાટીદાર, ઠાકોર સમાજ સહિતના આગેવાનો લાંબા સમયથી પ્રેમલગ્નની નોંધણી સમયે માતાપિતાની સહી ફરજિયાત કરવાની માગ કરી રહ્યા છે. એસપીજીના લાલજી પટેલ તો અલગ અલગ જગ્યાએ સંમેલન યોજી આ માગને બુલંદ બનાવી રહ્યા છે. ચાર મહિના પહેલાં આ માગણીને લઈ મહેસાણામાં યોજાયેલી એક જનક્રાંતિ મહારેલીમાં પાટીદાર સમાજના આગેવાને કહ્યું હતું કે પ્રેમલગ્ન કરનારી દીકરીને મિલકતમાંથી બેદખલ કરવામાં આવે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભાગીને થતાં લગ્નના કિસ્સાઓમાં વધારો થયો છે. અનેક મામલાઓમાં સગીર વ્યક્તિનાં લગ્ન, દબાણ અથવા પ્રલોભન હેઠળ લગ્ન, તેમજ પરિવારની જાણ વગર થયેલી નોંધણી બાદ વિવાદ ઊભા થયા છે.

# ધોલેરામાં ખાણ ખનીજ વિભાગની 'સોફ્ટ' રેડ? ભૂમાફિયાઓ સુરક્ષિત, તંત્રએ વાહનો જપ્ત કરી સંતોષ માન્યો

**અમદાવાદ, તા.31**

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ધમધમતા ગેરકાયદે ખનન પર ખાણ ખનીજ વિભાગે લાલ આંખ કરી છે. ધોલેરાના પીપળી ગામે ગેરકાયદે માટી ખનન પર ત્રાટકેલા ખનીજ વિભાગે કરોડોની કિંમતના મશીનો જપ્ત કરી ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાવી દીધો છે.



મળતી માહિતી અનુસાર, ધોલેરાના પીપળી ગામે મોટા પાયે ગેરકાયદે માટી ખનન થતું હોવાની ચોક્કસ બાતમી ખાણ ખનીજ વિભાગને મળી હતી. જેના આધારે અધિકારીઓએ દરોડા પાડતાં સ્થળ પરથી ખનન કાર્ય કરતાં 1 હિટાચી મશીન અને 3 ડમ્પર ઝડપી પાડ્યા હતા. જપ્ત કરાયેલા આ વાહનોની અંદાજિત કિંમત 2 કરોડ જેટલી આંકવામાં આવી છે. ખનીજ વિભાગે આ તમામ વાહનો સીઝ કરી ધોલેરા પોલીસ મથકે સોંપ્યા છે.

હવે ખનીજ વિભાગ દ્વારા જે સ્થળેથી ગેરકાયદે ખોદકામ કરવામાં આવ્યું છે તે સ્થળની ચોક્કસ માપણી કરવામાં આવશે. કેટલા ટન માટીની ચોરી થઈ છે તેની ગણતરી કર્યા બાદ જવાબદાર ભૂમાફિયાઓને દંડ ફટકારવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે,અમદાવાદ ગ્રામ્યના બાવળા, ધોળકા, સાણંદ, ધોલેરા અને દસક્રોઈ તાલુકામાં રેતી અને માટીનું ગેરકાયદે ખનન માઝા મૂકી રહ્યું છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે ખાણ ખનીજ વિભાગને આ ખનન દેખાય છે, પરંતુ સ્થાનિક પોલીસ કેમ આંખ આડા કાન કરી રહી છે? શું સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ આ કાળો કારોબાર ચાલી રહ્યો છે?

# ભર શિયાળે માવઠું, દ્વારકા, પોરબંદર અને કચ્છના ગ્રામ્ય પંથકમાં વરસાદ

## ચણા-જીરું સહિતના પાકોને નુકસાનની ભીતિ, ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

**અમદાવાદ, તા.31**

હવામાન વિભાગે વર્ષ 2025ના છેલ્લા દિવસે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. ભર શિયાળે માવઠાના વરસાદની આગાહી કરવામાં આવતા ગુજરાતમાં બે દિવસ તાપમાન ઘટવાની આગાહી પણ આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રના પોરબંદર સહિત ગ્રામ્ય પંથકના વિવિધ તાલુકાના વિસ્તારોમાં કમોસમી વરસાદ શરૂ થયો છે. વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયેલું હતું. દ્વારકા, કલ્યાણપુર અને આસપાસનાં ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે, જોકે કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં ઠંડકનો અનુભવ પણ થયો છે. ચણા-જીરું સહિતના પાકોને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

કચ્છના રાપર તાલુકાના ખેંગારપર ગામે માવઠાની આગાહીના પગલે બપોરે બે વાગ્યે જોરદાર ઝાપટાં પડ્યાં અને શેરીઓમાં પાણી વહી નિકળ્યા હતા. આ માવઠાથી ખેડૂતો ચિંતિત બન્યા છે. જ્યારે કચ્છના હાજીપીર તરફના રણ કાંધી વિસ્તારમાં કમોસમી વરસાદ નોંધાયો છે. આ વિસ્તારના ઢોરો ગામના હજીરા ફાટક પાસે લગભગ 15 મિનિટ સુધી જોરદાર માવઠું પડ્યું હતું. તો વધુ વરસાદની ભીતિને લઈ ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 3 કલાક, એટલે કે 1 વાગ્યા સુધીમાં રાજ્યના કચ્છ અને પોરબંદરમાં હળવા વરસાદની



આગાહી કરવામાં આવી હતી. જ્યારે અમદાવાદમાં આજે વહેલી સવારથી ધુમ્મસભર્યું વાતાવરણ રહ્યું હતું અને પ્રદૂષણમાં પણ વધારો જોવા મળ્યો હતો.

આ સાથે ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી પણ કરવામાં આવી છે, જેમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ જેવા જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ, સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જેવા જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના બાકીના જિલ્લાઓમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ફરી એકવાર માવઠાંના વરસાદની આગાહી કરવામાં આવી છે. વર્ષ 2025ની વિદાય અને 2026ની શરૂઆત વરસાદી માહોલ સાથે થવાની પૂરેપૂરી શક્યતા છે.

ઉત્તર ભારત પરથી પસાર થઈ રહેલા મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (WD)ની અસર ગુજરાત સુધી લંબાવાની શક્યતા છે. 31 ડિસેમ્બર 2025 અને 1 જાન્યુઆરી 2026 આ બે દિવસ દરમિયાન રાજ્યમાં છૂટાછવાયાં વરસાદી ઝાંપટાં પડી શકે છે.

# કોંગ્રેસમાં થશે ધરખમ ફેરફારોની જાહેરાત: નવા વર્ષથી 1090 જિલ્લા-5200 તાલુકા પંચાયત બેઠકો પર જનસંવાદ કરશે...

**અમદાવાદ, તા.31**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે મતદારોને રીઝવવા માટે ગુજરાત કોંગ્રેસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે, જેના ભાગરૂપે 1 જાન્યુઆરીથી સમગ્ર રાજ્યમાં 'મહાજનસંપર્ક અભિયાન' શરૂ કરવામાં આવશે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જાહેરાત કરી છે કે કોંગ્રેસ રાજ્યની 1090 જિલ્લા પંચાયત અને 5200 તાલુકા પંચાયત બેઠકો પર જનસંવાદ યોજશે, જ્યારે 17 મહાનગરમાં 'કોંગ્રેસ આપના દ્વાર' કાર્યક્રમ હેઠળ ઘરે-ઘરે જઈ લોકોના પ્રશ્નો સાંભળશે.



આ વખતે કોંગ્રેસ પ્રજાનાં મંતવ્યો અને સૂચનોને આધારે 'જનતાનો મેનિફેસ્ટો' અને વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરશે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં ભાજપ શાસિત નગરપાલિકાઓના ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે 'જનઆક્રોશ પદયાત્રા' યોજીને વિપક્ષ જનતાનો અવાજ બુલંદ કરશે, જ્યારે જાન્યુઆરીના અંત સુધીમાં કોંગ્રેસના નવા પ્રદેશ માળખાની પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં વિઝન ડોક્યુમેન્ટમાં જનતાના મુદ્દાઓને સમાવવા મંતવ્યો લેવામાં આવશે. પ્રજાના પ્રશ્નોને વાચા આપવા તમામ મહાનગરપાલિકા વિસ્તારમાં જનઆક્રોશ પદયાત્રા યોજાશે તેમજ ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ માળખાની જાહેરાત જાન્યુઆરીના અંતમાં થઈ જવાની છે. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ સંગઠન અંગે જાહેરાત કરી છે કે સંગઠન સૃજન અભિયાન હેઠળ પ્રદેશ માળખું તૈયાર કરાઈ રહ્યું છે. અગાઉ તાલુકા-જિલ્લા પ્રમુખોમાં નામોની જાહેરાત કરાઈ હતી. અગાઉની બાકી નિમણૂકો અને પ્રદેશનાં નામો જાન્યુઆરીના અંતમાં જાહેર કરીશું.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી સમગ્ર ગુજરાતમાં લોકોની વચ્ચે જઈ લોકો સાથે સંવાદ પ્રસ્થાપિત કરી તેમનો અવાજ બુલંદ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ, જેમાં મત અધિકારની લડાઈ લડવા માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા સતત કાર્યક્રમમાં આપવામાં આવ્યા છે. ખેડૂતોના હક માટે કિસાન આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી જે 11 જિલ્લામાં યોજવામાં આવી હતી. ગુજરાતના લોકોનો અવાજ બુલંદ કરવા માટે જન આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી હતી, જેમાં અનેક મુદ્દો પર અવાજ ઉઠાવીને આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જે સરકાર મોટાં મોટાં ફણગાં ફૂંકે છે એમાં લોકોનો મત શું છે અને લોકોનો અવાજ શું છે એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે નવા વર્ષથી રાજ્યભરમાં મહાજનસંપર્ક અભિયાન ચલાવવામાં આવશે. ગ્રામ્ય વિસ્તાર, શહેરી વિકાસ અને મહાનગરમાં અલગ અલગ કાર્યક્રમ યોજાશે. ભ્રષ્ટાચાર અને ગેરવહીવટને કારણે લોકો સાથે સંવાદ કરવાનું નક્કી કરાયું છે. રાજ્યની 1090 જિલ્લા પંચાયત બેઠકો પર મહાજનસંપર્ક અભિયાન ચલાવીશું. 5200 તાલુકા બેઠક પર જનસંવાદ કાર્યક્રમો થશે. તમામ નગરપાલિકા નાગરિકોના ટેક્સના પૈસાથી લૂંટ ચાલી રહી છે તેમજ તેમાં વહીવટમાં ગોટાળા થઈ રહ્યા છે, જેથી તેમનો અવાજ પણ બુલંદ બનાવાશે. જનતાને સરકાર પાસે અનેક અપેક્ષાઓ છે, પરંતુ સરકાર કોઈપણ વાત સાંભળવા માટે તૈયાર નથી. જેથી કોંગ્રેસે નક્કી કર્યું કે ચૂંટણી સમયે નહીં, પરંતુ આ વખતે પ્રથમવાર વિઝન ડોક્યુમેન્ટ જનતાના મુદ્દાઓને આધારે તૈયાર કરાશે.

અમિત ચાવડાએ છેલ્લે જણાવ્યું હતું કે એક-એક પરિવારના ઘરે જઈને તેમને કેવું શહેર જોઈએ છે એ જાણવાનો પ્રયાસ કરીશું. એ બાદ કોંગ્રેસ તમામ 17 મહાનગરમાં કોંગ્રેસ આપના દ્વાર નામનો કાર્યક્રમ યોજશે. સફાઈ, ગટર રોડ રસ્તા વગેરેના સૂચનો જનતા પાસે મેળવી કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મિનિફેસ્ટો તૈયાર કરશે. પ્રજાના મતથી ચૂંટાય છે, પ્રજાના ટેક્સના પૈસાથી પગાર લે છે એવા લોકો પણ જનતાની સુનાવણી કરતા નથી.

એ માટે પ્રજાને પોતાના પ્રશ્નો રજૂઆતો કરવા માટેનું એક મંચ મળે અને એ મંચ પર થયેલી રજૂઆતો કોંગ્રેસ પાર્ટી બુલંદી રીતે રજૂ કરશે. પહેલી જાન્યુઆરીથી શરૂ કરીને તમામ 17 મહાનગરોમાં જન સંવાદ મંચ કાર્યક્રમ કરવા જઈ રહ્યા છે, જ્યાં પણ સિસ્ટમને સુધારવાની વાત છે, જેથી વોર્ડદીઠ જન મંચ કાર્યક્રમ યોજવામાં આવશે, જેથી આ તમામ મુદ્દાઓને લઈને સ્થાનિક વોર્ડના પીડિત લોકોને સાથે રાખી જનતાના અવાજને બુલંદ કરવા માટે જન આક્રોશ પદયાત્રા પણ યોજવામાં આવશે.

# નશેડીઓ પર ખેડા પોલીસ ડ્રોનથી બાજ નજર: 500 મીટર ઊંચાઈએથી અસામાજિક તત્વો પર વોચ, 5 કિમી સુધી પહોંચશે નજર

**નડિયાદ, તા.31**

ખેડા જિલ્લા પોલીસે નવા વર્ષની ઉજવણી અને 31 ડિસેમ્બરને ધ્યાનમાં રાખીને વિશેષ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અત્યંત સતર્ક બની છે. નશાની હાલતમાં મજાક-મસ્તી કરનારા અને અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરાશે.

પોલીસ પરંપરાગત પેટ્રોલિંગ ઉપરાંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. ખેડા જિલ્લામાં ફાર્મ હાઉસ, કેનાલ કિનારા અને રહેણાંક વિસ્તારોના ધાબા પર થતી ગેરકાયદેસર દારૂની પાર્ટીઓ પર નજર રાખવા માટે ડ્રોન કેમેરા તૈનાત કરાયા છે. આ ડ્રોન નિર્જન જગ્યાઓ અને ખાનગી મિલકતો પરની પ્રવૃત્તિઓનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ કરશે.



તૈયારીઓના ભાગરૂપે, નડિયાદના DySP દ્વારા સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર (PI) ની હાજરીમાં ડ્રોન કેમેરાનું સફળ ડેમોસ્ટ્રેશન કરાયું હતું. ડ્રોન ઓપરેશન અને ફૂટેજ દ્વારા કાર્યવાહી કેવી રીતે કરવી તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું. પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ બચી શકશે નહીં. પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાનાર આ હાઈ-ટેક ડ્રોન 5 કિલોમીટરની વિશાળ રેન્જ ધરાવે છે. તે 500 મીટરની ઊંચાઈએ ઉડીને ઝીણવટભરી વિગતો મેળવી શકે છે. અંધારામાં પણ શંકાસ્પદ હિલચાલને પકડવામાં સક્ષમ આ ડ્રોનથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અંતરિયાળ વિસ્તારોમાં આવેલા ફાર્મ હાઉસ અને કેનાલ રોડ પર થતી મહેફિલો પોલીસના રડારમાં છે. આ વિસ્તારોમાં પોલીસ ટીમો સતત ગતિશીલ રહેશે. શહેરી વિસ્તારોમાં ધાબા પર થતી બિનઅધિકૃત પ્રવૃત્તિઓ પર પણ ડ્રોન દ્વારા નજર રાખીને તુરંત દરોડા પાડવાની વ્યૂહરચના ઘડવામાં આવી છે. ખેડા જિલ્લા પોલીસનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં નવા વર્ષની ઉજવણી કરી શકે તે છે. પોલીસે નાગરિકોને સહકાર આપવા અને કાયદાનું પાલન કરવા વિનંતી કરી છે. કોઈપણ અનિચ્છનીય ઘટના રોકવા માટે જિલ્લાના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર પણ સઘન ચેકિંગ હાથ ધરાયું છે.

# અમદાવાદના SG હાઈવે પર હીટ એન્ડ રન, અજાણ્યા વાહનની અડફેટે ટુ વ્હિલર પર જતા આધેડનું મોત...

**અમદાવાદ, તા.31**

અમદાવાદના વ્યસ્ત ગણાતા ઈસ્કોન બ્રિજ પર મંગળવારે (30મી ડિસેમ્બર) રાત્રે ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પકવાન ચાર રસ્તાથી સરખેજ તરફ જતા ઈસ્કોન બ્રિજ પરથી પસાર થઈ રહેલા 50 વર્ષીય વિક્રમ પરમારને કોઈ અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારી હતી. કડીયાકામ કરી ગુજરાન ચલાવતા



વિક્રમભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું.

આ ઘટના અંગે મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક વિગતો મુજબ, વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત સર્જ્યો હતો અને ત્યારબાદ ફરાર થઈ ગયો હતો. હાલ પોલીસ દ્વારા બ્રિજ પરના સીસીટીવી ફૂટેજ ચકાસવાની અને ફરાર ચાલકને ઝડપી પાડવાની તપાસ ચાલી રહી છે.

# આણંદ કલેક્ટરે લોટેશ્વર તળાવ, ઓમકારેશ્વર બાગની મુલાકાત લીધી: વોટર ATM પાણીની ગુણવત્તા ચકાસી, નાગરિકો સાથે સંવાદ કર્યો......

**આણંદ, તા.31**

આણંદ જિલ્લા કલેક્ટર અને ક ર મ સ દ - આ ણ ંદ મહાનગરપાલિકાના વહીવટદાર પ્રવીણ ચૌધરીએ શહેરના લોટેશ્વર તળાવ અને કરમસદ સ્થિત ઓમકારેશ્વર બાગની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને મળતી પાયાની સુવિધાઓ અને જાહેર સ્થળોની જાળવણીની સ્થિતિની વ્યક્તિગત સમીક્ષા કરવાનો હતો.

લોટેશ્વર તળાવના નવીનીકરણ અને જાળવણી અંગે કલેક્ટરે મહાનગરપાલિકાની ટીમને સૂચના આપી હતી. તેમણે તળાવની આસપાસના વિસ્તારમાં જરૂરી સાફ-સફાઈ રાખવા અને નાગરિકોની સુરક્ષા માટે ફૂટપાથ પર પૂરતું લાઈટિંગ લગાવવા જણાવ્યું હતું.

ઓમકારેશ્વર બાગની મુલાકાત દરમિયાન, કલેક્ટર પ્રવીણ ચૌધરીએ વરિષ્ઠ નાગરિકો અને રમી રહેલા બાળકો સાથે વાતચીત કરી હતી. તેમણે બાગની જાળવણી, પીવાના પાણીની સુવિધા અને સ્વચ્છતા અંગે લોકોના પ્રતિભાવો મેળવ્યા હતા. કલેક્ટરે બાગમાં થયેલી કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો અને ટીમને અભિનંદન પાઠવ્યા.

પીવાના પાણીની સુવિધાના નિરીક્ષણ દરમિયાન, કલેક્ટરે બાગમાં સ્થાપિત વોટર એટીએમમાંથી જાતે પાણી પીને તેની ગુણવત્તા અને શુદ્ધતા ચકાસી હતી. તેમણે અધિકારીઓને નાગરિકોને હંમેશા શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. આ મુલાકાત સમયે મહાનગરપાલિકાના નાયબ કમિશનર નિલાક્ષ મકવાણા, એસ.કે. ગરવાલ, સીટી ઈજનેર જીગર પટેલ સહિત મનપાના અધિકારીઓ અને સંબંધિત વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

## પાકિસ્તાનને હથિયાર આપનાર દેશે કર્યો મધ્યસ્થીનો દાવો: ટ્રમ્પ બાદ હવે ચીન ભારત-પાક યુદ્ધવિરામનું શ્રેય લેવા મેદાને



**બીજિંગ, તા.31**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પછી હવે ચીને પણ દાવો કર્યો છે કે તેણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સૈન્ય તણાવને ઓછો કરવામાં ભૂમિકા ભજવી હતી. ચીનનું કહેવું છે કે જ્યારે આ વર્ષે બંને દેશો વચ્ચે સ્થિતિ વણસી ગઈ હતી ત્યારે તેણે વચ્ચે પડીને તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો હતો.

મંગળવારે બીજિંગમાં આયોજિત એક કાર્યક્રમમાં ચીનના વિદેશમંત્રી વાંગ યીએ કહ્યું હતું કે ચીન વિશ્વના ઘણા સંઘર્ષોને ઉકેલવામાં મદદ કરતું રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન પણ ચીને મધ્યસ્થી કરી હતી.

ચીનના વિદેશ મંત્રાલયે તેમના આ નિવેદનને સોશિયલ મીડિયા પર શેર કર્યું. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ અત્યારસુધી 50થી વધુ વખત આ સંઘર્ષને રોકવાનું શ્રેય લઈ ચૂક્યા છે.

આ નિવેદન એ સમયને લઈને છે, જ્યારે આ વર્ષે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય અથડામણ થઈ હતી. આ દરમિયાન ભારતે પાકિસ્તાનનાં ઘણાં આતંકવાદી ઠેકાણાંને નિશાન બનાવ્યાં હતાં, જેનાથી કુલ મળીને 11 એરબેઝને નુકસાન થયું હતું.

ભારતે આ હુમલો 22 એપ્રિલમાં જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં કર્યો હતો, જેમાં 26 પર્યટકોનાં મોત થયાં હતાં. ચીન અને ટ્રમ્પના દાવાઓથી વિપરીત ભારત સરકારે સ્પષ્ટપણે કહી દીધું છે કે આ સમગ્ર મામલામાં કોઈપણ ત્રીજા દેશની કોઈ ભૂમિકા નહોતી. ભારતનું કહેવું છે કે આ તણાવ સીધો ભારત અને પાકિસ્તાનની સેનાઓ વચ્ચેની વાતચીતથી જ સમાપ્ત થયો.

ભારત અનુસાર, ભારે નુકસાન થયા પછી પાકિસ્તાનના સૈન્ય અધિકારીએ ભારતીય સૈન્ય અધિકારીનો સંપર્ક કર્યો હતો. ભારતનું કહેવું છે કે પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સે ભારતીય DGMO સાથે વાત કરી અને ત્યાર બાદ બંને દેશોએ 10 મેથી જમીન, હવા અને સમુદ્રમાં તમામ પ્રકારની સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમતી સધાઈ.

ચીનના આ નવા દાવા પછી તેની ભૂમિકા અંગે ફરીથી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ચીન અને પાકિસ્તાનના સંબંધો ખૂબ નજીકના માનવામાં આવે છે. ચીન પાકિસ્તાનને સૌથી વધુ હથિયારો આપનારો દેશ છે, તેથી તેના પર સવાલો ઊઠતા રહ્યા છે કે તે આ મામલે કેટલો નિષ્પક્ષ રહી શકે છે.

નવેમ્બરમાં આવેલા એક અમેરિકી રિપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ઓપરેશન સિંદૂર પછી ચીને ખોટી માહિતી ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.

## દેશભરમાં નવા વર્ષની ઉજવણીનો જશ્ન શરૂ: કાશી અયોધ્યા-વૃંદાવનમાં 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા

**નવી દિલ્હી, તા.31**

નવા વર્ષ પહેલા દેશભરના ધાર્મિક અને પર્યટન સ્થળો પર લોકો ઉમટી પડ્યા છે. અયોધ્યામાં રામલલાના દર્શન માટે 2 લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. કાશી વિશ્વનાથ મંદિરમાં 3 લાખ અને વૃંદાવનમાં 4 લાખ ભક્તો હાજર છે. રાજસ્થાનના જેસલમેરમાં છેલ્લા 10 વર્ષમાં સૌથી વધુ ભીડ છે. સીકરના ખાટુશ્યામજીમાં નવા વર્ષ નિમિત્તે 72 કલાક દર્શન થશે. ઉજ્જૈનના મહાકાલ લોકમાં આવતીકાલે વર્ષના પહેલા દિવસે 12 લાખ શ્રદ્ધાળુઓ પહોંચવાનો અંદાજ છે. પહેલગામ આતંકી હુમલા બાદ ખીણમાં ફરી એકવાર રોનક પાછી ફરી છે. પર્યટન સ્થળો પર પ્રવાસીઓની ભીડ છે. ગુલમર્ગ અને પહેલગામ જેવા વિન્ટર ડેસ્ટિનેશનમાં હોટલોનું બુકિંગ લગભગ 100% સુધી પહોંચી ગયું



છે. લો ફુલ છે અને હોટલના ભાડા 30% વધી ગયા છે. વૃંદાવનમાં ભારે ભીડને ધ્યાનમાં રાખીને, બાંકે બિહારી મંદિર મેનેજમેન્ટે ભક્તોને 5 જાન્યુઆરી સુધી ન આવવા અપીલ કરી છે. કાશ્મીરમાં એપ્રિલમાં થયેલા પહેલગામ આતંકવાદી હુમલાથી સર્જાયેલી અનિશ્ચિતતા હળવી થતી દેખાય છે. નવા વર્ષની ઉજવણી પહેલા, ખીણના મુખ્ય પર્યટન સ્થળો ફરી જીવંત થયા છે. ગુલમર્ગ અને પહેલગામ જેવા શિયાળાના સ્થળોએ હોટેલ ઓક્યુપન્સી લગભગ 100% સુધી પહોંચી ગઈ છે. હવામાન વિભાગની હિમવર્ષાની આગાહીએ આ ઉત્સાહને વધુ વેગ આપ્યો છે.

ગુલમર્ગના હોટલ મેનેજર સુહેલ અહેમદ કહે છે, 'અમારી પાસે ક્રિસમસ અને હવે નવા વર્ષ માટે 100% બુકિંગ છે. સ્થાનિક પ્રવાસીઓએ કાશ્મીરમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.' ગુલમર્ગના એક પોની ડ્રાઈવર ગુલામ મોહમ્મદે કહ્યું, 'છેલ્લા અઠવાડિયામાં પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. હું હવે દરરોજ લગભગ 1500 રૂપિયા કમાઈ રહ્યો છું.' સરકાર પ્રવાસીઓને આકર્ષવા માટે શિયાળુ રમતગમત રમતોનું પણ આયોજન કરી રહી છે.

## તમિલનાડુમાં પોલીસકર્મી પર છરીથી હુમલો: યુવકે છરી કાઢીને ભીડને પણ ધમકાવી, પોલીસે ધરપકડ કરી



**ચેન્નઈ, તા.31**

તમિલનાડુના તિરુપ્પુર જિલ્લામાં એક યુવકે પોલીસકર્મી પર ચાકુ વડે હુમલો કર્યો. ઘટનાસ્થળે હાજર લોકોએ આ ઘટનાનો વીડિયો બનાવ્યો, જે બુધવારે સામે આવ્યો. તિરુપ્પુરમાં સ્વર્ગવાસા પર્વ દરમિયાન ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસ ફોર્સ તૈનાત હતી.

આરોપી યુવક નશામાં હતો. તેણે પોલીસકર્મીઓ સાથે દલીલ કરતાં અચાનક ચાકુ કાઢી લીધું. યુવકે ત્યાં હાજર પોલીસકર્મી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. પોલીસકર્મીએ પોતાના બેલ્ટ વડે પોતાનો બચાવ કર્યો.

આરોપી યુવક હાથમાં ચાકુ લઈને પોલીસકર્મી અને ત્યાં હાજર લોકોને ધમકાવવા લાગ્યો. યુવક ડ્યુટી પર તૈનાત પોલીસકર્મી રામકૃષ્ણન સાથે દલીલ કરવા લાગ્યો. આ પછી યુવક હાથમાં ચાકુ લઈને પોલીસકર્મી તરફ દોડ્યો. પોલીસકર્મીએ પાછળ હટીને પોતાના બેલ્ટ વડે પોતાનો બચાવ કર્યો.

આ દરમિયાન ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસકર્મીઓએ તરત જ આરોપીને પકડી લીધો અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયેલા યુવકે પોતાને તાંજાવુરનો રહેવાસી ગણાવ્યો છે. ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

## યમનમાંથી સૈનિકો પાછા બોલાવશે UAE: આતંકવાદીઓ સામેની કાર્યવાહી પણ બંધ કરી

**અબુ ધાબી, તા.31**

સંયુક્ત આરબ અમીરાત (UAE) એ યમનથી પોતાની સેના પાછી ખેંચવાનો નિર્ણય કર્યો છે. UAE એ કહ્યું છે કે તે યમનમાં ચાલી રહેલા પોતાના આતંકવાદ વિરોધી ઓપરેશનને સમાપ્ત કરી રહ્યું છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે સાઉદી અરબે UAE પર યમનના અલગતાવાદી જૂથ STC ને સમર્થન આપવાના આરોપો લગાવ્યા છે.

આ પહેલા યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારે UAE ને કહ્યું હતું કે તે 24 કલાકની અંદર પોતાની સેના યમનથી હટાવી લે. આ માંગને સાઉદી અરબનું પણ સમર્થન મળ્યું હતું. તેના થોડા સમય પછી જ UAE એ પોતાની સેના પાછી ખેંચવાની જાહેરાત કરી દીધી.

સાઉદી અરબના નેતૃત્વ હેઠળના ગઠબંધને ગઈકાલે યમનના મુકલ્લા બંદર પર હુમલો કર્યો હતો. સાઉદીનું કહેવું હતું કે મુકલ્લા બંદર પર જે જહાજ પહોંચ્યું હતું, તેમાં UAE થી હથિયારો મોકલવામાં આવ્યા હતા.

સાઉદીએ આરોપ લગાવ્યો હતો કે આ હથિયારો યમનના દક્ષિણી ભાગમાં સક્રિય અલગતાવાદી સંગઠન સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) ને આપવાના હતા.

STC અગાઉ યમનની સરકાર સાથે મળીને હુતી વિદ્રોહીઓ સામે લડી રહ્યું હતું, પરંતુ આ મહિને તેણે સાઉદી સમર્થિત સરકારી સેના સામે



મોરચો ખોલ્યો. STCનું કહેવું છે કે તે યમનના દક્ષિણ ભાગને એક અલગ દેશ બનાવવા માગે છે.

જોકે, UAEએ સાઉદી અરેબિયાના આ આરોપોને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા છે. UAEના વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે યમન મોકલવામાં આવેલી ખેપમાં હથિયારો નહોતા, પરંતુ વાહનો હતા, જેનો ઉપયોગ ત્યાં હાજર UAEના સૈનિકો કરવાના હતા. UAEના મંત્રાલયે એમ પણ કહ્યું કે અમે યમનની સાર્વભૌમત્વનું સન્માન કરીએ છીએ અને ત્યાં આતંકવાદ સામે લડવા તેમજ કાયદેસર સરકારને પુનઃસ્થાપિત કરવાના પક્ષમાં છીએ. UAEએ અગાઉ પણ કહ્યું હતું કે યમનનું ભવિષ્ય અને તેની સરહદો યમનના લોકો જ નક્કી કરે. મુકાલા પર થયેલા હવાઈ હુમલા બાદ યમન સરકારે સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે કરવામાં આવેલો સંરક્ષણ કરાર પણ રદ કરી દીધો છે.

આ સાથે જ સરકારે પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે 72 કલાકની હવાઈ, જમીન અને દરિયાઈ નાકાબંધી લાગુ કરવા અને 90 દિવસ માટે કટોકટી જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.


જોકે, અલ-અલીમીએ અલગતાવાદી જૂથો સામેની કાર્યવાહી અંગે સાઉદી અરેબિયાના સમર્થનની પ્રશંસા કરી અને કહ્યું કે આ પગલું યમનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક સ્થિરતાના હિતમાં છે. સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) એક સશસ્ત્ર અલગતાવાદી સંગઠન છે, જેને UAEનું સમર્થન પ્રાપ્ત છે. STCનો ઉદ્દેશ્ય યમનને ઉત્તર અને દક્ષિણ એમ બે અલગ દેશોમાં વિભાજીત કરવાનો છે. ત્યારબાદ તે દક્ષિણ યમનમાં અલગ સરકાર બનાવવા માંગે છે.

યમન 1990 પહેલા ઉત્તરી અને દક્ષિણી યમન એમ બે ભાગમાં વહેંચાયેલું હતું. બંનેના એકીકરણ પછી પણ દક્ષિણમાં અલગતાની ભાવના યથાવત છે.

## બાંગ્લાદેશનાં પૂર્વ PM ખાલિદા ઝિયા સુપુર્દ-એ-ખાક: વિદેશમંત્રી જયશંકર અંતિમ વિદાય માટે પહોંચ્યા, 10 લાખ લોકો જનાજામાં જોડાયા













**ઢાકા, તા.31**

બાંગ્લાદેશનાં પૂર્વ વડાંપ્રધાન અને BNPનાં વડાં ખાલિદા ઝિયાને બુધવારે સુપુર્દ-એ-ખાક કરવામાં આવ્યા હતા. ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકરે પણ તેમના જનાજામાં હાજરી આપી હતી.

ઝિયાને તેમના પતિ અને બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાનની કબર પાસે સંસદ સંકુલમાં ઝિયા ઉદ્યાનમાં દફનાવવામાં આવ્યાં. તેમના અંતિમસંસ્કારમાં હાજરી આપવા માટે દેશભરમાંથી દસ લાખ લોકો એકઠા થયા હતા.

ખાલિદા ઝિયાનું મંગળવારે સવારે 80 વર્ષની વયે અવસાન થયું. તેઓ છેલ્લા 20 દિવસથી હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા. તેમના મૃત્યુ બાદ બાંગ્લાદેશ સરકારે ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. આ સમયગાળા દરમિયાન દેશભરની સરકારી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે અને તમામ સરકારી કાર્યો સ્થગિત રહેશે.

ખાલિદા ઝિયાના જનાજામાં દસ લાખ લોકો હાજર રહ્યા હતા. બાંગ્લાદેશી મીડિયા અહેવાલો અનુસાર, દેશના ઈતિહાસમાં આટલી મોટી અંતિમયાત્રા પહેલા ક્યારેય જોવા મળી નથી.

વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર ડૉ. મુહમ્મદ યુનુસ, અન્ય સલાહકારો, ટોચના રાજકીય પક્ષના નેતાઓ, વિવિધ દેશોના પ્રતિનિધિઓ અને જીવનના તમામ ક્ષેત્રોના લાખો લોકો અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતા.

વિદેશ મંત્રી એસ. જયશંકરે X પર તારિક રહેમાન સાથેની તેમની મુલાકાતના ફોટા શેર કર્યા. તેમણે લખ્યું, 'ઢાકા પહોંચ્યા પછી, મેં બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન બેગમ ખાલિદા ઝિયાના પુત્ર, બીએનપીના કાર્યકારી અધ્યક્ષ તારિક રહેમાનને મળ્યા. મેં તેમને વડાપ્રધાન મોદીનો વ્યક્તિગત પત્ર સોંપ્યો અને ભારત સરકાર અને ભારતના લોકો વતી સંવેદના વ્યક્ત કરી. મને વિશ્વાસ છે કે બેગમ ખાલિદા ઝિયાના વિચારો અને આદર્શો આપણા બંને દેશોના સંબંધોના ભાવિ વિકાસને માર્ગદર્શન આપશે.'

પાકિસ્તાનના રાષ્ટ્રીય સભાના સ્પીકર, સદર અયાઝ સાદિક, ખાલિદા ઝિયાના જનાજામાં હાજરી આપવા માટે બુધવારે સવારે ઢાકા પહોંચ્યા. બાંગ્લાદેશમાં પાકિસ્તાની હાઈ કમિશનર અને બાંગ્લાદેશ વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ઢાકાના હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સાદિકનું સ્વાગત કરવામાં આવ્યું.

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના જનાજામાં હાજરી આપવા માટે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ઢાકા પહોંચ્યા છે.

ભારત સરકાર માને છે કે ખાલિદા ઝિયાનું વિઝન અને રાજકીય વારસો ભારત-બાંગ્લાદેશ સંબંધોને મજબૂત બનાવશે. આ ભાવનામાં, ડૉ. જયશંકરને આ દુઃખદ પ્રસંગે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ખાસ ઢાકા મોકલવામાં આવ્યા છે.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, ડૉ. જયશંકર સવારે 11:30 વાગ્યે ઢાકા પહોંચ્યા. આ મુલાકાત ટૂંકી છે અને અણધારી રીતે તેનું આયોજન કરવામાં આવ્યું છે. તેનો એકમાત્ર હેતુ ખાલિદા ઝિયાને અંતિમ શ્રદ્ધાંજલિ આપવાનો છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા દ્વારા તેમનું ઢાકાના હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સ્વાગત કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ

# 89 જેટ, 14 જહાજ ને 4 વૉરશિપ : ચીને પાંચ બાજુએથી તાઈવાનને ઘેર્યું

દુનિયાની નજર અત્યારે પૂર્વ એશિયાના આ નાના દરિયાઈ પટ્ટા પર છે. એક તરફ ચીન છે, અને બીજી બાજુ તાઈવાન. તાઈવાનને ઘેરવા ચીને 5 જગ્યા પર જસ્ટિસ મિશન 2025 હેઠળ લશ્કરી કવાયત હાથ ધરી છે. આ પોઈન્ટ્સ પર તાઈવાનનાં મુખ્ય બંદરો અને સપ્લાય રૂટ્સ છે, જેને બ્લોક કરીને આખા ટાપુની નાકાબંધી કરવાનો ચીનનો પ્લાન છે. ચીને જે તાઈવાનની ઘેરાબંધી કરી છે એ ટાપુ દુનિયાના 90% એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર ચિપ્સનું પ્રોડક્શન કરે છે. મોબાઈલથી લઈ ઈલેક્ટ્રિક કારના મગજ સમાન આ ચિપ્સ વગર આપણી આજની ડિજિટલ લાઈફ લગભગ અશક્ય છે. જો તાઈવાનની સપ્લાય ચેઈન તૂટે, તો નવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળતાં બંધ થશે અને જૂનાં ઉપકરણો સોફ્ટવેર સપોર્ટ વગર ધીમે-ધીમે ઈ-વેસ્ટ બની જશે. જો બંનેમાંથી એકપણ બાજુ તરફથી નાનુંઅમથું પણ છમકલું થાય અથવા તો આ સંઘર્ષ લાંબો ચાલે, તો ડિજિટલાઈઝ્ડ દુનિયા એક ફરી 19મી સદીમાં પાછી જઈ શકે છે, જેમાં બેંકિંગથી લઈ ડિફેન્સ સુધીની દરેક હાઈ-ટેક સિસ્ટમ મેન્ટેનન્સના અભાવે ઠપ થઈ શકે છે. તો સવાલ એ થાય કે શું આ ચીનની સૈન્ય કવાયત છે કે મોટા તોફાન પહેલાંની ભયાનક શાંતિ? નમસ્કાર.... ચીનનો તાઈવાન પર કોઈ સામાન્ય યુદ્ધાભ્યાસ નથી, પણ શી જિનપિંગની ખતરનાક પોલિસી છે. ચીન તાઈવાનને હરાવવા નથી માગતું. તે તેને આર્થિક રીતે ગૂંગળાવવા માગે છે એવું લાગી રહ્યું છે. ચીનના આવા અખતરાથી એકપણ ગોળી ચાલાવ્યા વગર તાઈવાનનો આર્થિક ઉદયનો સૂર્યાસ્ત થઈ શકે એમ છે. આ મુદ્દામાં એક તરફ નાનકડું છતાં અત્યંત તેજસ્વી અને પોતાને લોકશાહી વિસ્તાર કહેતું તાઈવાન છે અને બીજી બાજુ ચીની ડ્રેગન ફૂંફાડા મારી રહ્યો છે. તાઈવાનનો દીવો ઓલવ્યા વગર ચાઈનાનું વન ચાઈના પોલિસીનું સપનું પૂરું થાય એમ નથી. માટે જ 29 ડિસેમ્બરની વહેલી સવારથી ચાઈનીઝ આર્મી PLAએ 28 હાઈટેક જહાજો સાથે તાઈવાનને ઘેરી લીધું છે. ચીન પાસે કેટલી અને કેવી સેના છે એ આખી દુનિયા જાણે છે, માટે આ કોઈ શક્તિપ્રદર્શન નથી, સીધી રીતે તાઈવાનની નાકાબંધી છે. આવું કરીને ચીન સાબિત કરવા માગે છે કે ચીન ગમે ત્યારે તાઈવાનને દુનિયાથી અલગ કરી શકે છે. ચારેય બાજુથી ચીનની ત્રણેય પાંખો તાઈવાનું ગળું દબાવવાના પ્રયાસો કરી રહ્યું છે. અહીં એક સવાલ થાય કે ચીન આવું કેમ કરવા માગે છે? ચીનને તાઈવાનથી આટલી નફરત કેમ છે? તો તેનો જવાબ ઈતિહાસમાં મળે છે. ચીન અને તાઈવાનના ઝઘડાનું મૂળ 1949માં છે. આ એ સમય છે જ્યારે ચીનમાં સામ્યવાદી ક્રાંતિ થઈ હતી ત્યારે હારેલી ચીનની રાષ્ટ્રવાદી સરકાર ભાગીને તાઈવાન ગઈ હતી. ચીન તાઈવાનને પોતાનું ગણાવે છે જ્યારે તાઈવાન પોતાને સ્વતંત્ર ગણાવે છે. તાઈવાન માટે જાપાન મિત્ર છે અને ચીન શત્રુ છે. હાલ જે પરિસ્થિતિ થઈ છે એ 30 વર્ષ પહેલાં 1996માં પણ થઈ ચૂકી છે.

# નવા વર્ષની શરૂઆત, ધ્યાન દિવસનાં ત્રિપરિમાણીય અર્થનાં વ્યાપને સમજીને કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આમ તો આજે ગુરુવાર એટલે પ્રાર્થનાનો ક્રમ! પરંતુ 2026 નો પ્રથમ દિવસ, તો ઈસુ નાં નવ વર્ષની સૌને ખૂબ ખૂબ વધાઈ! સૌ શારિરીક માનસિક અને આર્થિક રીતે સદ્ધર બને એવી ઈશ્વર ચરણે પ્રાર્થના. ગયાં વર્ષમાં આપણે કેટલુંક સારું કર્યું હશે, પરંતુ સારાંનાં પ્રમાણમાં ભૂલો વધુ હશે, અને એટલે એવી વાતો કે જે થવી ન જોઈએ, એની વિશેની જાગૃતિ એ પણ પ્રાર્થના જ છે. દસ દિવસના વેકેશન દરમિયાન ધ્યાન દિવસ પણ ગયો, અને ધ્યાન કરવું જેટલું જરૂરી છે, એટલું જ ધ્યાન રાખવું પણ જરૂરી છે, અને એની અંતિમ અવસ્થા સુધી કેમ પહોંચી શકાય, એને વિશે થોડું ઘણું ચિંતન થઈ શકે, તો આવનારું વર્ષ સુધરી શકે. ધ્યાન એટલે મેડિટેશન, માત્ર આધ્યાત્મિક શબ્દ નથી, પણ જીવનને સંતુલનમાં રાખવા માટે બહુ જરૂરી પરિબળ છે. સામાન્યમાં સામાન્ય માનવી પણ ધ્યાનનો અર્થ સમજી અને એને જીવનમાં સમાવી શકે, એટલું સુક્ષ્મ ચિંતન કરવું પડે. સમગ્ર વિશ્વમાં અત્યારે જે રીતે અશાંતિ પ્રવર્તી રહી છે, એમાં યોગ અને ધ્યાનથી જ શાંતિ આવી શકે એમ છે, હાલાકી ધ્યાન એ યોગનું જ એક અંગ છે, પણ બંનેમાં અભ્યાસથી નિપુણતા પ્રાપ્ત થાય છે. ધ્યાનનો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ રીતે ત્રિપરિમાણિય અર્થ જોઈએ, સ્થૂળ શરીર જ્યારે સત્ય અસત્યનું ધ્યાન રાખે, એટલે કે પોતાની જાતે પોતાનું નિરીક્ષણ કરીને ધ્યાનપૂર્વક કરવામાં આવતી દિનચર્યા, એ ધ્યાનનું પ્રથમ ચરણ છે. જીવમાંથી સાધક બને અને આત્મ દર્શનથી જ તેને ઈશ્વર તત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, તેને જાણવા માણવા, અને અનુભૂતિનાં એ પ્રદેશમાં યાત્રા કરવાની ઈચ્છા કે જિજ્ઞાસાને કારણે તે કોઈ એક નિશ્ચિત સમયે, અને નિશ્ચિત જગ્યાએ, આસન પાથરી, પદ્માસન અથવા સહજ આસનમાં, પલાઠી વાળીને આંખ બંધ કરીને બેસે એ ધ્યાનનું બીજું ચરણ છે. જેમાં શરૂઆતમાં અંતર માનસમાં આત્મદર્શન થયું ન્હોય, એટલે અંધારા દેખાય છે. નિત્ય અભ્યાસ અને દ્રઢ સંકલ્પ તેમજ નીતિ પૂર્વકનું જીવન અને હરિસ્મરણ આ બધાનો જો સતત અભ્યાસ હોય તો, ધીરે ધીરે એને ધ્યાનની ધરાએ અથવા બે આંખની વચ્ચે જ્યાં અધિષ્ઠાન ચક્ર કે આજ્ઞા ચક્ર આગળ આછો પ્રકાશ દેખાય છે. એ પ્રકાશમાં ધ્યાનની મુદ્રાઓની અનુભૂતિ થાય છે. એટલે કે ત્યાં આગળ શરૂઆતમાં જુદા જુદા ચિત્રો, છબીઓ, આકૃતિઓ, પ્રકૃતિના સ્વરૂપો, વગેરેના દર્શન થાય છે. અહીં વિચાર યાત્રાનો થોડોક હિસ્સો હોવાથી, જે ઘટના ઘટી હોય તે દેખાવાની સંભાવના વધી જાય છે. એટલે કે શરીર એ અનુભવેલ સુખ દુઃખ,ગ્લાની, હર્ષ, શોક, ગુસ્સો વગેરે ભાવની થોડીક પડછાઈ અહીં પડી શકે. પણ ત્યાં અટકી જવાનું નથી, ધારણાને વધુને વધુ હિંદુ સનાતન ધારા પ્રમાણે પ્રબળ બનાવવાની છે, નીરાકાર ઈશ્વરની જો પરિકલ્પના હોય, પ્રકૃતિ સતત તમને સ્પર્શી રહી છે, તેવી ધારણા કરવાની છે. પવન અહીં સ્પર્શી




અને એના શીતલ આલ્હાદક સ્પર્શથી જાણે અખંડ ચેતના રૂપ કાયત્વને જગાડી રહ્યો છે, સૂર્ય તેના પરમ તેજથી જીવન પ્રકાશિત કરી રહ્યો છે, આકાશ તેની વિશાળતાનુ દર્શન કરાવે છે, એટલે કે બે ભુજાઓ પ્રસારી તેને સ્તકારી રહ્યો છે, હૃદયમાં મંદાકિની સત્ય પ્રેમ અને કરુણા રૂપે હિલોળા લઈ રહી છે, અને પૃથ્વી અચલ ભરોસાના સંકલ્પ સાથે પોતાના ભારને ઉપાડી રહી છે. સાકાર બ્રહ્મની પરિકલ્પના હોય તો જે રૂપ સ્વરૂપને આપણે માનતા હોઈએ, અથવા જેમાં શ્રદ્ધા હોય તેની છબી આ ધ્યાન ધરા પર દેખાય, અને આપણી આ યાત્રા સફળ થતી અનુભવાય. શિવ, દુર્ગા, કૃષ્ણ, વિષ્ણુ, કે રામ, સ્વરૂપની આરાધના હોય તો તે સ્વરૂપે તે આપણને ધ્યાનની ધરાએ દેખાય છે. અને આ ધ્યાનનો સૂક્ષ્મ અર્થ છે. જ્યાં આગળ કોઈ બીજો વિકાર નથી, પણ ફક્ત વિશ્વાસ છે, સદગુરૂ વચનનાં ભરોસાથી આ કક્ષાએ જીવ પહોંચી શકે છે. હવે કારણ શરીરનો ધ્યાનનો અર્થ કરીએ તો, સ્થૂળ રૂપે ધ્યાન રાખતા રાખતા એટલે કે દિનચર્યામાં ફેરફાર કરીને બિલકુલ પ્રમાણિક બનીએ, એટલે નીતિ, સચ્ચાઈ, અને પ્રમાણિકતા એ ત્રણ ગુણ ઉદ્ભવે, અને તેની પાછળ ક્ષમા, વીરતા, સહનશીલતા, જેવા બીજા પણ અન્ય ગુણો વિકસે, ત્યારે ધ્યાન સિવાયના બાકીના સમયમાં પણ જીવથી સદભાવનાથી કર્મો થાય, એટલે કારણ શરીર ધ્યાનમાં વધુ ઝડપથી ગતિ કરી શકે. કારણ શરીર એટલે કે આપણી જ ઉર્જાના વલયોને આપણે સ્પષ્ટ પણે અનુભવીએ, અને આ આભાનું વર્તુળ, વધુ ને વધુ મોટું થતું જાય તેમ, કારણ શરીરનો વ્યાપ વધુ છે. અને જેમ વ્યાપ વધુ તેમ, અસ્તિત્વમાં તેની ગતિ પણ વધુ એટલે કે, એકબીજાની વચ્ચેનું અંતર ઘટતું જાય ત્યારે આ કારણ શરીરથી અસ્તિત્વમાં એકાકાર થઈ અને, આત્માને પરમાત્મા રૂપે અનુભવવાની ધ્યાનની આ સ્થિત! જે હવે તેની આગળ પોતાની માટે ઈશ્વરને સાકાર કે નિરાકાર સ્વરૂપે જોવો છે, એવો પણ કોઈ જ આગ્રહ નહીં! ફક્ત તે પંચ ભુત સ્વરૂપે છે, અને અસ્તિત્વમાં એકાકાર છે. પવન, પાણી, અગ્નિ, આકાશ, અને પૃથ્વી, પાંચે તત્વોમાં તે તલ્લીન છે. સાધક આ કક્ષામાં આવે તે ધ્યાનનો કારણ શરીરનો અર્થ છે. પણ સાધક સંસારી પણ છે,એટલે કર્તવ્ય કર્મ, વ્યવહાર કર્મ, અને શારીરિક અવસ્થા આ બધા જ ધર્મો તેની સાથે ક્ષણે ક્ષણે જોડાયેલા હોય છે. એટલે અનુભૂતિના પ્રદેશમાં તે લાંબો સમય રહી ન શકે, એટલે સ્થૂળ શરીરથી સતત ધ્યાન રાખી અને ધ્યાનની ધારણાને પ્રબળ બનાવવાની છે. ધ્યાન એ અધ્યાત્મ યાત્રાનો સૌથી વધુ અનુભૂતિ કરાવનારો, રસપ્રદ પ્રદેશ કહી શકાય. જ્યાં તમારી ઈશ્વર પ્રત્યેની ધારણાની કલ્પનામાં જેટલી વિવિધતા તમે લાવી શકો, એટલી આ પ્રદેશમાં આનંદની અનુભૂતિ ઉદ્ભવે. એટલે સ્વરૂપ બદલવાના નથી, આજે રામ, કાલે સીતા, પરમદિવસે શંકર એવું નહીં, એક જ સ્વરૂપમાં કલ્પનની વિવિધતા એ પરમ શક્તિની સમર્થતા અને તેની સાથેનુ અદમ્ય સાનિધ્ય. પણ જીવનનો હેતુ માત્ર કલ્પના જ રહી જાય નહીં, એ જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. સ્થૂળનું જાગવું એ ક્રિયાનાં સંદર્ભમાં છે, એટલે કે સૂર્ય ઊગ્યો અને સ્થૂળ શરીર જાગ્યું, પણ સુક્ષ્મનું જાગવું તો આત્મ દર્શન કરવું તે છે, અને આત્મ દર્શન પછી આત્મા પરમાત્માનાં અલગ અલગ અસ્તિત્વનો એકાકાર થવો, ત્યારે જીવમાં શિવનો નિત્ય નિવાસ થાય અને એ ઈશ્વરીય શક્તિ એટલે જ આભા વલય! આભા વલય ની શક્તિ અપરંપાર છે અને શબ્દાતીત છે. વિદેશની સંસ્કૃતિને કારણે આપણે ઘણા જ આવાં 'ડે' ઉજવતા થયાં છીએ, જેમ કે 'વીમન્સ ડે' 'મેન ડે' મધર્સ ડે, ફાધર્સ ડે, બ્રધર્સ ડે, સિસ્ટર ડે, ડોટર ડે, ફ્રેન્ડશીપ ડે, ડોક્ટર ડે, એ ઉપરાંત 'નેચર ડે' 'પોલ્યુશન ડે' બુક ડે, અને આવાં તો ઘણાં! પણ ભારતીય ને કારણે આખું વિશ્વ 'ડે'ઉજવશે એવું બહું ઓછું બન્યું છે! પણ હવે આયુર્વેદ અને યોગ તરફ જે રીતે પાશ્ચાત્ય સંસ્કૃતિના લોકો વળી રહ્યા છે, એના પરથી કહી શકાય કે પૂર્વની સંસ્કૃતિનો સૂરજ ધીરેધીરે ઉદય પામી રહ્યો છે, અને એનાં દિવ્ય અજવાળાં જ વિશ્વમાં શાંતિની સ્થાપના કરશે! વસુધૈવ કુટુંબની ઉચ્ચ ભાવના વિશ્વમાં વ્યાપે એ માટે માત્ર શારીરિક નહીં, પણ દરેક લોકોનું માનસિક ઉત્થાન પણ જરૂરી છે, અને એ માત્ર ને માત્ર યોગ તેમજ ધ્યાનથી શક્ય છે. તો આપણે સૌ પણ આપણી વિસરાતી સંસ્કૃતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી, આધુનિકતાની દોડમાં જે વગર વિચાર્યે અપનાવ્યું છે, એને છોડી અને આપણી મૂળ સંસ્કૃતિને દીપાવીએ! જેથી કરીને આવનારી પેઢીમાં પણ આપણા ઉચ્ચ સંસ્કારનું સિંચન થાય ! જય હિન્દ.

# ઝાલોદ આરામગૃહ પાસે રાત્રિના અંધારામાં ગંભીર અકસ્માત





ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 31

ઝાલોદ નગરના આરામગૃહ પાસે સુખસર જતા મુખ્ય માર્ગ પર રાત્રિના અંધારામાં એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ આરામગૃહના પ્રવેશદ્વાર પાસે એક મોટું ડમ્પર અચાનક બેકાબુ બનતા રસ્તા કિનારે આવેલી કેબિનને અડફેટે લઈ ગયું હતું.ડમ્પર ચાલકે સ્ટેરીંગ પરનો કંટ્રોલ ગુમાવ્યો, પ્રાપ્ત માહિતી મુજબ PB-13 BT 7621 નંબરના ડમ્પરનો ચાલક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા પરચુરણ સામાન વેચતી કેબિન સાથે ધડાકાભેર અથડાયો હતો. આ અકસ્માતમાં કેબિન સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ હતી. અંદાજે 75 હજાર રૂપિયાનું નુકસાન, અકસ્માતમાં નુકસાન પામેલ કેબિન સંગાકા મનસુખભાઈ પુંજાભાઈ નામના વ્યક્તિની હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનામાં અંદાજે 75,000 જેટલું આર્થિક નુકસાન થયું હોવાનું અનુમાન છે. સૌભાગ્યવશ, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, જે રાહતજનક બાબત છે. સ્થાનિકોની ફરિયાદ : અકસ્માતો વારંવાર થાય છે, સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આરામગૃહ પાસે બનાવવામાં આવેલ પ્રવેશદ્વાર વિસ્તારમાં અગાઉ પણ અનેક અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. આ મુખ્ય માર્ગ પર, કોઈ સ્પીડ બ્રેકર (જંપ) નથી, કોઈ સ્ટ્રીટ લાઈટ વ્યવસ્થા નથી, તેમજ ટ્રાફિક ચિન્હો અને માર્ગદર્શક સંકેતોનો સંપૂર્ણ અભાવ છે, જેના કારણે રાત્રિના સમયે વાહનચાલકોને માર્ગની સમજ પડતી નથી અને અકસ્માતોની સંભાવના વધી જાય છે. ટ્રાફિક ગાઈડલાઈન અને જરૂરી સૂચનો. જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક નીચે મુજબની કાર્યવાહી જરૂરી બની છે :આરામગૃહ પાસે ટ્રાફિક ચિન્હો અને સૂચક બોર્ડ લગાવવાના, રાત્રિ દરમ્યાન સ્પષ્ટ દૃશ્યતા માટે સ્ટ્રીટ લાઈટોની વ્યવસ્થા, વાહનોની ગતિ નિયંત્રિત કરવા સ્પીડ બ્રેકર (જંપ) બનાવવાના, "Accident Prone Zone" અને "Slow Down" જેવા ચેતવણી સંકેતો, નિયમિત રીતે પોલીસ અને ટ્રાફિક વિભાગની પેટ્રોલિંગ, લોકમાંગ : તાત્કાલિક કાર્યવાહી કરાય, આ વિસ્તારને અકસ્માતપ્રવણ ઝોન જાહેર કરી નગરપાલિકા અને ટ્રાફિક વિભાગ દ્વારા તાત્કાલિક નિયમનાત્મક પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકોમાંથી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# મનમાં હંમેશા સફળ થવાની આશા હોવી જોઇએ, નશીબ બદલાય કે નાં બદલાય પણ સમય ચોક્કસપણે બદલાય છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)




આજથી શરૂ થયેલા ૨૦૨૬ના નવા વર્ષની શુભકામના સાથે આજના લેખની શરૂઆત કરીએ સમય જ બદલાતો નથી,પરંતુ તેની સાથે જીવનમાં ઘણી બધી બાબતો પણ બદલાય છે. ચોક્કસ,જેમ જેમ સમય બદલાય છે,તેમ તેમ તે આપણને ઘણું શીખવે છે. સમય ખૂબ જ ટૂંકો છે,તેથી આપણે ઓછામાં ઓછા સમયમાં પણ જીવનને અર્થપૂર્ણ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. સમય સમય પર સૂઝ સાથે પોતાનું મૂલ્યાંકન કરવું પણ જરૂરી છે. જે સમય વીતી ગયો છે તે પાછો લાવી શકાતો નથી,પરંતુ તે સમયથી કેટલાક પાઠ ચોક્કસ પણે શીખી શકાય છે.જ્યારે આપણે આપણી અંદર નજર કરીએ છીએ,ત્યારે આપણને ખબર પડશે કે દુનિયાને સુધારવા પ હ ે લ ા ં, આ પ ણે પોતાનેસુધારવાની જરૂર છે. દુનિયાને બદલતા પહેલા સ્વ-પરિવર્તન આપણીપ્રાથમિકતા હોવી જોઈએ ઘણો સમય બગાડવામાં આવ્યો છે;હવે આપણે જીવન પ્રત્યે એક નવા દ્રષ્ટિકોણ માટે પ્રયત્ન કરવાનો સંકલ્પ કરવો જોઈએ.ગઈકાલે ૨૦૨૫ના વર્ષને વિદાય આપી,આજથી ૨૦૨૬ના નવા વર્ષની શરૂઆત થઇ માટે પ્રતિબદ્ધતા સાથે જીવવાનો સંકલ્પ કરવો જોઈએ.

એક ગામમાં એક આળસુ માણસ રહેતો હતો.તે કોઈ કામ કરતો ન હતો.તે આખો દિવસ ખાલી બેસી રહેતો અને વિચારતો કે તે ખાવા માટે કંઈક કેવી રીતે શોધી શકે. એકદિવસ,કોઈ કારણ વગર રખડતો,તે કેરીના બગીચા પાસે પહોંચ્યો.ત્યાં રસદાર કેરી ઓથી ભરેલા ઘણા ઝાડ હતા. રસદાર કેરીઓ જોઈને તેના મોંમાં પાણી આવી ગયું,અને તે કેરીઓ તોડવા માટે એક ઝાડ પર ચઢી ગયો.પરંતુ તે ઝાડ પર ચઢતાની સાથે જ બગીચાનો માલિક આવી પહોંચ્યો.માલિકને જોઈને, આળસુ માણસ ગભરાઈ ગયો અને કોઈક રીતે ઝાડ પરથી નીચે ઉતરીને ભાગી ગયો.દોડીને તે ગામની બહાર જંગલમાં પહોંચ્યો તે ગભરાયેલો થાકેલો તેથી,તે એક ઝાડ નીચે બેસી ગયો અને આરામ કર્યો.પછી તેને એક શિયાળ દેખાયું.તેનો એક પગ તૂટી ગયેલ હોવાથી તે લંગડાતું હતું.શિયાળને જોઈને,આળસુ માણસને આશ્ચર્ય થયું કે જંગલી પ્રાણીઓથી ભરેલા જંગલમાં આવી સ્થિતિમાં તે કેવી રીતે બચી ગયો.હજુ સુધી તેનો શિકાર કોઈએ કર્યો નહીં? જિજ્ઞાસાથી, તે એક ઝાડ પર ચઢી ગયો અને ત્યાં બેસી ગયો કે આ શિયાળનું શું થશે?થોડી જ ક્ષણો પછી આખું જંગલ સિંહની ભયાનક ગર્જનાથી ગુંજી ઉઠ્યું,જેનાથી બધા પ્રાણીઓ ડરથી ભાગી ગયા પરંતુ શિયાળ,તેના તૂટેલા પગના કારણે ભાગી ન શક્યું,તે ઊભું રહ્યું. સિંહ શિયાળ પાસે જવા લાગ્યો. આળસુ માણસે વિચાર્યું કે તે તેને મારીને ખાઈ જશે.પરંતુ પછી જે બન્યું તે ખૂબ જ વિચિત્ર હતું.

સિંહ શિયાળ પાસે ગયો અને તેની પાસે ઊભો રહ્યો, તેના મોંમાં માંસનો ટુકડો હતો,જે તેણે શિયાળની સામે ફેંકી દીધો. શિયાળ આત્મવિશ્વાસથી તે ટુકડો ખાવા લાગ્યો.થોડા સમય પછી,સિંહ ત્યાંથી ચાલ્યો ગયો.

આ જોઈને, આળસુ માણસ માનવા લાગ્યો કે ભગવાન ખરેખર સર્વશક્તિમાન છે,તેમણે પૃથ્વી પરના બધા જીવો માટે, પછી ભલે તે પ્રાણી હોય કે માનવ,ખોરાક અને પીણું પૂરું પાડ્યું છે.તે ઘરે પાછો ફર્યો.ઘરે પાછા ફર્યા પછી,તે બે-ત્રણ દિવસ સુધી પથારીમાં સૂતો રહ્યો,કોઈ તેને ખોરાક અને પીણું આપે તેની રાહ જોતો રહ્યો,જેમ ભગવાને સિંહ દ્વારા શિયાળ માટે ખોરાક મોકલ્યો હતો.પરંતુ કંઈ એવું થયું નહીં. ભૂખને કારણે તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ.અંતે, તેને ઘર છોડીને બહાર નીકળ્યો,તો તેણે એક સાધુબાબાને એક ઝાડ નીચે બેઠેલા જોયા.તે તેની પાસે ગયો અને જંગલમાં બનેલી આખી ઘટના કહી અને પૂછ્યું હે બાબાજી ! ભગવાન મારી સાથે આવું કેમ કરી રહ્યા છે? તેમની પાસે પ્રાણીઓ માટે ખોરાકની વ્યવસ્થા છે પણ માણસો માટે ન હ ીં . બ ા બ ા જી એ જવાબઆપ્યો, 'બેટા!એવું નથી,ભગવાન પાસે બધી વ્યવસ્થા છે. બીજાઓની જેમ,તારા માટે પણ,પણ વાતએ છે કે તે તને શિયાળ નહીં પણ સિંહ બનાવવા માંગે છે.ખાસ વિદ્યાર્થી યુવા ભાઈબહેનો બધામાં ક્ષમતાઓનો અનંત ભંડાર છે, ફક્ત એટલું જ કે આપણી અજ્ઞાનને કારણે આપણે તેમને ઓળખી શકતા નથી અને પોતાને હલકી ગુણવત્તાવાળા માનીને, આપણે બીજાની મદદની રાહ જોતા રહીએ છીએ.પોતાની ક્ષમતાઓને ઓળખો. બીજાની મદદની રાહ ન જુઓ.એટલા સક્ષમ બનો કે તમે બીજાને મદદ કરી શકો.

જનક રાજાએ કહ્યું,બ્રહ્મજ્ઞાની છું પણ ભરતના પ્રેમ આગળ મારી બુદ્ધિ કાંઈ કામ કરતી નથી.જનકે તો એટલું જ કહ્યું, હું સીતાજીને મારી સાથે લઈ જઈશ.બેટા,તેં બંને કુળનો ઉદ્ધાર કર્યો!પણ સીતાજીએ કહ્યું, મારા પતિનો વનવાસએ મારો પણ વનવાસ છે પિતાજી,મને વધારે આગ્રહ ન કરો.

છેવટે રામજી કહે,ભરત,આજ સુધી મેં તને નારાજ કર્યો નથી પણ મારે આજે નારાજ કરવો પડશે. પિતાજીની બંને આજ્ઞાઓનું પાલન કરવાનું છે.પહેલી આજ્ઞા તારે પાળવાની છે.બીજી આજ્ઞા મારે પાળવાની છે.

ભરતજીએ રડી પડી કહ્યું,મને કાંઈ અવલંબન આપો, નહીં તો હું નહીં જીવી શકું.હવે રામજીએ પોતાની ચરણ પાદુકા ભરતને આપી. ભરતે ચરણપાદુકા માથે મૂકી. એમને અવલંબન મળી ગયું. પાદુકા લઈને ભરતજી અયોધ્યા આવ્યા.પ્રભુની પાદુકાઓની સિંહાસન ઉપર સ્થાપના કરી છે. ભરતજી ગોમુખયાચક વ્રત કરે છે ગાયને જવ ખવડાવે,તે છાણમાં બહાર નીકળ્યા પછી ગોમૂત્ર સાથે ઊકાળે.તે પ્રમાણે ઊકાળેલા જવ એક વખત દિવસ માં આરોગે છે. જેને રામનોવિયોગ છે તેનું જીવન કેવું હોવું જોઈએ તેનો આદર્શ ભરતે જગતને બતાવ્યો છે. મનુષ્યનું જીવન ભરતના જેવું હોય તો રામ મળે.રામજીની પાદુકાની આજ્ઞા વગર ભરત કાંઈ કરતા નથી. જીવની સલાહ મોટે ભાગે રાગ દ્વેષવાળી હોય છે. તમને કાંઈ મૂંઝવણ હોય તો ઠાકોરજીને ભોગ ધરી,આરતી કરી,પછી શાંતિથી હાથ જોડી પ્રાર્થના કરવી કે,હે પ્રભુ,મને માર્ગ દેખાડ. હું મૂઢ છું.ધર્મ અધર્મ સમજતો નથી.તારે શરણે છું.ભગવાન સ્વપ્નમાં માર્ગદર્શન આપશે. ચિત્રકૂટથી રામ અત્રિ ઋષિના આશ્રમમાં પધાર્યા.ત્યાંથી સુતીક્ષ્ણના આશ્રમમાં ગયા. સુતીક્ષ્ણ રામજીને અગસ્ત્યના આશ્રમમાં લઈ ગયા.અગસ્ત્ય ઋષિ દોડતા આવ્યા કહે,હુંકૃતાર્થ થયો.

તે પછી રામે ગોદાવરી કિનારે પંચવટીમાં મુકામ કર્યો. ત્યાં ગોદાવરીના કિનારે આશ્રમ બનાવ્યા.પંચવટી એટલે પાંચ પાંચ પ્રાણ.પ્રાણમાં પરમાત્મા વિરાજે છે.સંસારઅરણ્યમાં જે ભટકે તેને શૂર્પણખા મળે છે. શૂર્પણખા એ વાસનાનું સ્વરૂપ છે. રાવણનીએ બહેન છે. બનીઠનીને રામ પાસે આવે છે.કહે છે,હું કુંવારી છું. તમને જોતાં મારું મન માને છે.તેથી તમારી સાથે લગ્ન કરવા આવી છું.રામજીએ કહ્યું,તું જેવી કુંવારી છે તેમ મારો ભાઈ લક્ષ્મણ કુંવારો છે.તું તેમની પાસે જા!આ સાંભળી શૂર્પણખા ગુસ્સે થઈ ગઈ.

# 31મી ડિસેમ્બરની ઉજવણી માટે અમદાવાદીઓના આનંદ અને ઉત્સાહને સુરક્ષિત રાખવા શહેર પોલીસ કટિબદ્ધ

## નવા વર્ષની ઉજવણીમાં કાયદો વ્યવસ્થાના સુચારૂ આયોજન રૂપે અમદાવાદ શહેર પોલીસના કુલ 9000થી વધુ અધિકારીઓ/કર્મચારીઓ ખડેપગે

**અમદાવાદ, તા. 31**

31મી ડિસેમ્બરની ઉજવણી અને નવા વર્ષને વધાવવા માટે અમદાવાદના શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને શહેરના એસ.જી.રોડ, સી.જી. રોડ, સિંધુ ભવન રોડ જેવા પ્રાઈમ લોકેશન તથા પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ, ક્લબ જેવા સ્થળોએ યુવાનો એકત્રિત થઈ નવા વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતા હોય છે. આ ઉજવણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણ રીતે સજ્જ અને કટિબદ્ધ છે. નવા વર્ષની ઉજવણીમાં નાગરિકોની સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેર પોલીસ દ્વારા વિશેષ તૈયારીઓ કરી દેવામાં આવી છે. 31મી ડિસેમ્બરે અમદાવાદ શહેર પોલીસના કુલ 9040 જેટલા અધિકારી/કર્મચારીઓ નાગરિકોની સુરક્ષામાં ખડેપગે રહેવાના છે, જેમાં ડી.સી.પી. /એ.સી.પી./ પી.આઈ. કક્ષાના અધિકારી મોડી રાત સુધી રસ્તા પર ઊતરી વિવિધ કામગીરીઓ સંભાળશે. ખાસ કરીને 71 જેટલી 'She Team' પણ મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા મેદાનમાં ઊતરશે. શહેરમાં કુલ 63 નાકાબંધી પોઈન્ટ તથા 14 જેટલી ચેકપોસ્ટ ઊભી કરીને ડ્રગ્સ તથા અન્ય નશાકારક દ્રવ્યોની હેરાફેરી પર બાજનજર રખાશે. આ ઉપરાંત QRTની 9 ટીમ, BDDSની 4 ટીમ, 123 જેટલી જનરક્ષક/PCR વાન, 39 સ્પીડ ગન કેમેરા, 2560 બોડીવાર્ન કેમેરા થકી પણ કાયદો વ્યવસ્થા જળવાઈ તેનું મોનિટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત 443 જેટલા બ્રેથ એનાલાઈઝર અને સી.સી.ટી.વી સર્વેલન્સ માટે 4000થી વધુ કેમેરાનો ઉપયોગ કરાશે.

આ ઉજવણી સંદર્ભે અમદાવાદ શહેર પોલીસ દ્વારા વિશેષ પગલાં લેવાયાં છે. જેમાં ગેરકાયદેસર પ્રોહીબિશન પ્રવૃત્તિ સબંધે લિસ્ટેડ બુટલેગર્સ, અસામાજિક તત્ત્વો, તડીપાર ઈસમો, HS, MCR વગેરે પર નજર રાખી ચેક કરવામાં આવી રહ્યા છે. સ્પીડમાં વાહનો ચલાવનાર તથા સ્ટંટ કરતા વાહનચાલકો પર પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ડ્રીંક એન્ડ ડ્રાઈવમાં કેસો કરવાની કાર્યવાહી પણ કરાઈ રહી છે. બંદોબસ્ત દરમિયાન જરૂરિયાત મુજબના મેગાફોન/ પીએ સિસ્ટમનો પણ ઉપયોગ કરવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચ/ એસ.ઓ.જી. દ્વારા અલગ અલગ ટીમો બનાવી હોટેલ/ ગેસ્ટ હાઉસ/ ક્લબ/ ફાર્મ હાઉસ પર ચેકીંગની કામગીરી કરાઈ રહી છે. શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ, એસ.પી.રિંગ રોડ, સી.જી. રોડ નવરંગપુરા, એસ.જી.હાઈવે, સિંધુભવન રોડ, સોલા, સેટેલાઈટ, વસ્ત્રાપુર, આનંદનગર, એલિસબ્રિજ, ગાયકવાડ હવેલી, મણિનગર, અમરાઈવાડી જેવા વિસ્તારો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. નાગરિકોની સુરક્ષા માટે 9040 જેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ખડેપગે રહેશે, જેમાં જે.સી.પી./ એડિ. સી.પી. કક્ષાના 05 અધિકારીઓ, ડી.સી.પી. કક્ષાના 16 અધિકારીઓ, એ. સી.પી. કક્ષાના 28 અધિકારીઓ, પી.આઈ. કક્ષાના 115 અધિકારીઓ, પી.એસ.આઈ. કક્ષાના 225 અધિકારીઓ અને 5000 જેટલા હેડ કોન્સ્ટેબલ/પોલીસ કર્મચારીઓ, 02 એસ.આર. પી. કંપની અને 3500 જેટલા હોમગાર્ડ્સના જવાનો ફરજ પર હાજર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાફિકના સુચારૂ નિયમન માટે તા.31/12ના રોજ સાંજના 6 વાગ્યાથી તા.01/01ના રોજ સવારે 3 વાગ્યા સુધી ઉજવણીના તેમજ ભીડભાડવાળા સ્થળો પર ટ્રાફિક નિયમન જળવાઈ તે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જેમાં વૈકલિપક રૂટ પણ જાહેર કરવામાં આવ્યા છે, જેનું પાલન કરવા નાગરિકોને શહેર પોલીસ દ્વારા અપીલ છે. આ ઉજવણી સંદર્ભે અમદાવાદ શહેર પોલીસ દ્વારા વિશેષ પગલાં લેવાયાં છે. જેમાં ગેરકાયદેસર પ્રોહીબિશન પ્રવૃત્તિ સબંધે લિસ્ટેડ બુટલેગર્સ, અસામાજિક તત્ત્વો, તડીપાર ઈસમો, HS, MCR વગેરે પર નજર રાખી ચેક કરવામાં આવી રહ્યા છે. સ્પીડમાં વાહનો ચલાવનાર તથા સ્ટંટ કરતા વાહનચાલકો પર પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ડ્રીંક એન્ડ ડ્રાઈવમાં કેસો કરવાની કાર્યવાહી પણ કરાઈ રહી છે. બંદોબસ્ત દરમિયાન જરૂરિયાત મુજબના મેગાફોન/ પીએ સિસ્ટમનો પણ ઉપયોગ કરવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચ/ એસ.ઓ.જી. દ્વારા અલગ અલગ ટીમો બનાવી હોટેલ/ ગેસ્ટ હાઉસ/ ક્લબ/ ફાર્મ હાઉસ પર ચેકીંગની કામગીરી કરાઈ રહી છે. શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ, એસ.પી.રિંગ રોડ, સી.જી. રોડ નવરંગપુરા, એસ.જી.હાઈવે, સિંધુભવન રોડ, સોલા, સેટેલાઈટ, વસ્ત્રાપુર, આનંદનગર, એલિસબ્રિજ, ગાયકવાડ હવેલી, મણિનગર, અમરાઈવાડી જેવા વિસ્તારો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. નાગરિકોની સુરક્ષા માટે 9040 જેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ખડેપગે રહેશે, જેમાં જે.સી.પી./ એડિ. સી.પી. કક્ષાના 05 અધિકારીઓ, ડી.સી.પી. કક્ષાના 16 અધિકારીઓ, એ. સી.પી. કક્ષાના 28 અધિકારીઓ, પી.આઈ. કક્ષાના 115 અધિકારીઓ, પી.એસ.આઈ. કક્ષાના 225 અધિકારીઓ અને 5000 જેટલા હેડ કોન્સ્ટેબલ/પોલીસ કર્મચારીઓ, 02 એસ.આર. પી. કંપની અને 3500 જેટલા હોમગાર્ડ્સના જવાનો ફરજ પર હાજર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાફિકના સુચારૂ નિયમન માટે તા.31/12ના રોજ સાંજના 6 વાગ્યાથી તા.01/01ના રોજ સવારે 3 વાગ્યા સુધી ઉજવણીના તેમજ ભીડભાડવાળા સ્થળો પર ટ્રાફિક નિયમન જળવાઈ તે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જેમાં વૈકલિપક રૂટ પણ જાહેર કરવામાં આવ્યા છે, જેનું પાલન કરવા નાગરિકોને શહેર પોલીસ દ્વારા અપીલ છે.

# ધંધુકા ખાતે જિલ્લા કક્ષાનો 'કારકિર્દી માર્ગદર્શન સેમીનાર - ૨૦૨૫' યોજાયો

**નડિયાદ, તા. 31**

સમગ્ર શિક્ષા ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ (ગ્રામ્ય)ના સંયુક્ત ઉપક્રમે ધંધુકાની વિમલમાતા સ્કૂલ ખાતે જિલ્લા કક્ષાના 'કારકિર્દી માર્ગદર્શન સેમીનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ અને ૧૨ ના પરીક્ષાર્થીઓ પૂર્ણ આત્મવિશ્વાસથી તૈયારીઓ કરી ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરે અને તેમનામાં સંસ્કારોનું સિંચન થાય તેવા શુભ આશયથી આ 'કારકિર્દી માર્ગદર્શન સેમીનાર - ૨૦૨૫' યોજાયો હતો. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડો. જીજ્ઞેશ ટાપરીયા (પ્રિન્સિપાલ, કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકા) અને ડો. અપર્ણા વર્મા (કારકિર્દી માર્ગદર્શન વિભાગ, રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર) દ્વારા બાળકોને વિશેષ મોટિવેશન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ પછીના વિવિધ કોર્સની ઉપલબ્ધતા, પરીક્ષા દરમિયાન મૂંઝવતા પ્રશ્નોના જવાબો અને જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત કેરિયર કાર્ડની જરૂરિયાત અને રક્ષા શક્તિ યુનિવર્સિટીના અભ્યાસક્રમો જેવી બાબતોની પણ જાણકારી આપવામાં આવી હતી. આ સેમિનારમાં ધંધુકા તાલુકાની ૭ શાળાના ધોરણ ૧૦ અને ૧૨ ના કુલ ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં જિલ્લા શિક્ષણાધિકારી ડો. બી.એન. પ્રજાપતિ, શિક્ષણ નિરીક્ષક શ્રી કેતનભાઈ વ્યાસ, મદદનીશ શિક્ષણ નિરીક્ષકો સર્વશ્રી અશરફભાઈ પટેલ, ભાવેશભાઈ પ્રજાપતિ, સચિનભાઈ અને સંજયભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદમાં ભાઈ શ્રી રમેશ ઓઝાના મધુર કંઠે વહેતી ભાગવત ગંગા

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 31**

ઝાલોદ નગરમાં વંદનીય આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કથાકાર ભાઈ શ્રી રમેશ ઓઝાના મધુર અને હૃદયસ્પર્શી કંઠે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા તા. 25 ડિસેમ્બર 2025 થી 31 ડિસેમ્બર 2025 દરમિયાન ભવ્ય, ભક્તિપૂર્ણ અને આધ્યાત્મિક વાતાવરણમાં સંપન્ન થઈ હતી. સાત દિવસ સુધી ભાગવત રૂપી ગંગામાં ઝાલોદ સહિત દાહોદ જિલ્લાભરમાંથી આવેલા હજારો ભાવિક ભક્તોએ શ્રદ્ધાપૂર્વક રસપાન કર્યું હતું. ભાગવત કથાના પ્રારંભ પૂર્વે કથા સ્થળનું ગૌ છાણથી લિપિ કરી પવિત્રીકરણ કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના પ્રતીક રૂપે કથા સ્થળને “દ્વારિકા ધામ” નામ આપવામાં આવ્યું હતું. સમગ્ર સપ્તાહ દરમિયાન દ્વારિકા ધામમાં ભક્તિ, શાંતિ અને આધ્યાત્મિક ઉર્જાનો અલૌકિક અનુભવ થયો હતો.

દરરોજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન,

ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારો ભક્તોએ પંક્તિબદ્ધ રીતે મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. સેવા કાર્યમાં જોડાયેલા સ્વયંસેવકો દ્વારા શિસ્ત, સ્વચ્છતા અને વ્યવસ્થાનો વિશેષ ધ્યાન રાખવામાં આવ્યો હતો, જે ધાર્મિક આયોજનની સફળતાનું ઉત્તમ ઉદાહરણ બન્યું હતું.

સાત દિવસીય ભાગવત કથાનો વિસ્તૃત સારાંશ

પ્રથમ દિવસ

ભાગવત મહાત્મ્ય, સત્સંગની મહિમા અને



માનવ જીવનમાં ભક્તિના મહત્વ અંગે ભાઈ શ્રી રમેશ ઓઝાએ ભાવસભર પ્રવચન આપ્યું. ભાગવત શ્રવણથી જીવન પવિત્ર બને છે તે સંદેશ આપવામાં આવ્યો.

બીજો દિવસ

સૃષ્ટિ રચના, ધ્રુવ પ્રસંગ અને અડગ શ્રદ્ધાના ઉદાહરણ દ્વારા ભક્તિને સર્વોપરી ગણાવવામાં આવી. ધ્રુવના જીવનમાંથી ધીરજ અને વિશ્વાસનો પાઠ આપવામાં આવ્યો.

ત્રીજો દિવસ

પ્રહ્લાદ ચરિત્ર દ્વારા અહંકાર સામે ભક્તિની જીત દર્શાવવામાં આવી. હરિભક્તિ સર્વશ્રેષ્ઠ માર્ગ છે તે વાત હૃદયસ્પર્શી રીતે રજૂ થઈ.

ચોથો દિવસ

ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે કથા મંડપ દ્વારિકા ધામના સ્વરૂપમાં શણગારાયો. ભજન, કીર્તન અને ઝાંખી સાથે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો.

પાંચમો દિવસ

કૃષ્ણની બાળલીલાઓ, મટકી ફોડ અને ગોવર્ધન લીલાનું રસસભર વર્ણન થયું. ભક્તો આનંદ અને ભક્તિભાવમાં લીન બન્યા.

છઠ્ઠો દિવસ

ગોપી પ્રેમ અને રાસલીલા દ્વારા નિષ્કામ ભક્તિ, સમર્પણ અને પ્રેમના આધ્યાત્મિક અર્થ સમજાવવામાં આવ્યા.

સાતમો દિવસ

ઉદ્ધવ સંવાદ, વૈરાગ્ય અને મોક્ષ માર્ગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું. ભાગવત કથાના અંતે ભક્તોમાં આધ્યાત્મિક જાગૃતિ જોવા મળી.

ઝાલોદ નગર ભક્તિમય બન્યું


સાત દિવસીય ભાગવત કથા દરમિયાન ભજન, કીર્તન, આરતી અને ધાર્મિક કાર્યક્રમોથી ઝાલોદ નગર સંપૂર્ણ રીતે ભક્તિમય બની ગયું હતું.

# “ભારત એક ગાથા” થીમ સાથે અમદાવાદમાં 14મા ઈન્ટરનેશનલ ફ્લાવર શોનો પ્રારંભ 1 જાન્યુઆરી 2026થી થશે અને 22 જાન્યુઆરી સુધી ખુલ્લો મુકાશે

## ઈન્ટરનેશનલ ફ્લાવર શો 2026માં ભારતનાં પૌરાણિક વારસાથી લઈને આધુનિક ભારતની પ્રગતિની ગાથા ફૂલોના માધ્યમથી રજૂ થશે

**ગાંધીનગર, તા. 31**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 14મો ઈન્ટરનેશનલ ફ્લાવર શો-2026 આ વર્ષે ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર અને ગૌરવસભર સંસ્કૃતિને રજૂ કરતો એક અનોખો અને ભવ્ય ઉત્સવ બનવા જઈ રહ્યો છે. “ભારત એક ગાથા” થીમ હેઠળ આયોજિત આ ફ્લાવર શો 1 જાન્યુઆરી 2026 થી 22 જાન્યુઆરી 2026 દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવેલા ફ્લાવર ગાર્ડન તેમજ ઈવેન્ટ સેન્ટર પાલડી યોજાશે. આ ફ્લાવર શોનું ઉદ્ઘાટન માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે થશે. આ અવસરે મુખ્યમંત્રીશ્રી દ્વારા ‘સ્ત્રી સશક્તિકરણ‘ ની થીમ પર તૈયાર કરવામાં આવેલ સ્કલ્પચરનું પણ અનાવરણ કરવામાં આવશે. આ ફ્લાવર શો માત્ર ફૂલોનું પ્રદર્શન નહીં, પરંતુ ભારતની પ્રાચીન પરંપરાથી લઈને આધુનિક પ્રગતિ સુધીની યાત્રાનું જીવંત અને કલાત્મક દૃશ્યપટ રજૂ કરશે. “ભારત એક ગાથા” થીમ હેઠળ આ ફ્લાવર શોમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિથી લઈને આધુનિક વિકાસ સુધીની સમગ્ર યાત્રાને એક જીવંત અને કલાત્મક વાર્તા તરીકે પરિકલ્પિત કરવામાં આવ્યો છે, જેમાં ફૂલ, કલા અને કલ્પનાના સંગમથી ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ, સિદ્ધિઓ અને ભાવનાઓને એક જ મંચ પર રજૂ કરવામાં આવશે. પ્રદર્શનના વિવિધ ઝોન ભારતના અલગ-અલગ આયામોને ઉજાગર કરશે, જેમાં પ્રાચીન જ્ઞાન, ઉત્સવોનો ઉલ્લાસ, કલાત્મક તેજસ્વિતા અને આધુનિક વિકાસની ગાથા સમાયેલ હશે. મુલાકાતીઓ એક ઝોનમાંથી બીજા ઝોનમાં આગળ વધતા ભારતની સમયયાત્રાનો અનુભવ કરશે અને “એકતામાં વિવિધતા”ની ભાવનાને નજીકથી અનુભવી શકશે.ફ્લાવર શોની યાત્રા ભવ્ય પ્રવેશદ્વારથી શરૂ થશે, જ્યાં બે વિશાળ ફૂલોના સિંહો મુલાકાતીઓનું સ્વાગત કરશે. આ સિંહો ભારતની હિંમત, ગૌરવ અને અડગ આત્માનું પ્રતીક બની રહેશે. પ્રવેશ ઝોનમાં કમળના




ફાઉન્ટેન દ્વારા રાષ્ટ્રીય ગૌરવને ફૂલોથી સજાવી રજૂ કરવામાં આવશે, જે સમગ્ર પ્રદર્શનના થીમને અનુરૂપ ગૌરવસભર વાતાવરણ સર્જશે. પ્રદર્શનમાં ભારતના વિવિધ ઉત્સવોને સમર્પિત વિશેષ ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં ફૂલકળાના માધ્યમથી દિવાળીના પ્રકાશ અને આશાનો સંદેશ, હોળીના રંગો અને ઉલ્લાસ, ઓણમની પરંપરાગત સૌમ્યતા અને બિહુના લયબદ્ધ ઉત્સવોને જીવંત સ્વરૂપ આપવામાં આવશે. આ ઝોન ભારતની સાંસ્કૃતિક વિવિધતાને ઉજાગર કરી એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવશે. તે સાથે જ બાળકો માટે વિશેષ રંગીન અને આનંદમય ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં કાર્ટૂન પાત્રો દ્વારા બાળકો માટે મનોરંજન અને કલ્પનાનું વિશ્વ સર્જવામાં આવશે. ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો “શાશ્વત ભારત” ઝોન પણ ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ બનશે. આ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ ઝોનમાં સમુદ્ર મન્થન, ગીતા સાર, ગોવર્ધન લીલા, ગંગા અવતરણ અને રામ સેતુ જેવા પૌરાણિક પ્રસંગોને ફૂલોના શિલ્પો દ્વારા કલાત્મક રીતે પુનઃરચિત કરવામાં આવશે, જે મુલાકાતીઓને ભારતની પ્રાચીન સાંસ્કૃતિક કથાઓ સાથે ફરી જોડશે.

આ સાથે ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્ય પરંપરાઓને સમર્પિત ઝોનમાં કુચિપુડી, ભાંગડા, ગરબા અને કથકલી જેવા નૃત્ય સ્વરૂપોની સૌમ્યતા રજૂ થશે. આ ઝોનના કેન્દ્રમાં ભગવાન નટરાજનું ભવ્ય પ્રતિનિધિત્વ રહેશે, જે ભારતની કલાત્મક સમૃદ્ધિ, પરંપરાની સતતતા અને તાલની સર્વવ્યાપી ભાષાનું પ્રતીક બની રહેશે. આધુનિક ભારતની પ્રગતિને દર્શાવતો “ભારતની સિદ્ધિઓ” ઝોન ફૂલોના માધ્યમથી દેશની હાઈ-સ્પીડ રેલ, નવનીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી ઉત્તમતાને રજૂ કરશે. આ ઝોન ભારતના વારસા અને ભવિષ્યમુખી નવીનતાના સંતુલિત વિકાસની શક્તિશાળી ગાથા રજૂ કરશે. પ્રદર્શનનું એક મુખ્ય કેન્દ્રબિંદુ રાષ્ટ્રીય એકતાનું પ્રતીકાત્મક ઝોન રહેશે, જેમાં 30 મીટર વ્યાસનું ભવ્ય ફૂલ મંડળ અને સરદાર વલ્લભભાઈ પટેલનું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર રજૂ કરવામાં આવશે. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદાર પટેલના રાષ્ટ્રીય એકતામાં આપેલા યોગદાનને સન્માન આપતું આ પ્રદર્શન ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શો-2026 અંતર્ગત સાબરમતી રીવરફ્રન્ટ પર ઈવેન્ટ ગ્રાઉન્ડમાં ડીસ્પ્લે માટે લગાવવામાં આવેલ સીઝનલ પ્લાન્ટ્સની જાળવણી માટે દર વર્ષની જેમ ટ્રેક્ટર કે પાઈપ જેવી પરંપરાગત વોટરીંગ પદ્ધતિના બદલે 10524 સ્કે.મીટર એરીયામાં સ્પ્રીન્ક્લીંગ ઈરીગેશન નેટવર્ક સિસ્ટમ લગાવવામાં આવેલ છે. મુલાકાતીઓ માટે સોમવાર થી શુક્રવાર પ્રવેશ દર રૂ. ૮૦/- તથા શનિવાર,રવિવાર તેમજ જાહેર રજાના દિવસે પ્રવેશ દર રૂ. ૧૦૦/- રહેશે. વધુમાં, તમામ પ્રકારના દિવ્યાંગો, સૈનિકો, ૧૨ વર્ષ તથા નીચેની વયના બાળકો તથા અ.મ્યુ.કો. હસ્તકની શાળાના બાળકો માટે તમામ દિવસોએ નિઃશુલ્ક પ્રવેશ રહેશે.

અ.મ્યુ.કો. સિવાયની સ્કુલના બાળકો માટે સોમવાર થી શુક્રવાર સવારે ૯:૦૦ થી ૧:૦૦ સુધી પ્રવેશ દર રૂ.૧૦/- રહેશે. વધુમાં, મુલાકાતીઓ માટે સવારે ૮ થી સવારનાં ૯ તેમજ રાત્રે ૧૦ થી રાત્રે ૧૧ સુધી પ્રાઈમ ટાઈમ સ્લોટમાં રૂ. ૫૦૦/- પ્રવેશ દર રહેશે, ફ્લાવર શો માં બેંક ઓફ બરોડા, અરવિંદ સ્માર્ટ સ્પેસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, અદાણી એન્ટરપ્રાઈઝ, ઔદ્યોગિક ગૃહો દ્વારા વિવિધ ઝોન સ્પોન્સર કરેલ છે. મુલાકાતીઓની સુગમતા માટે ખાસ ૪ પ્રવેશદ્વાર નક્કી કરવામાં આવેલ છે. - ગેટ નંબર ૧ - ફ્લાવર પાર્ક, એલિસબ્રીજ પાસે, રીવરફ્રન્ટ વેસ્ટ - મલ્ટી લેવલ કાર પાર્કિંગ ફૂટ ઓવર બ્રીજ ઉપરથી - ગેટ નંબર ૪ - ઈવેન્ટ સેન્ટર, રીવરફ્રન્ટ વેસ્ટ - પૂર્વ પ્રવેશ, અટલ બ્રિજનો પૂર્વ છેડો , રીવરફ્રન્ટ પૂર્વ અમદાવાદના નગરજનો મોટી સંખ્યામાં શાંતિપૂર્વક અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો ની મુલાકાત લઈ આયોજનને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવે છે.

# અમદાવાદમાં ૧૫૦ કલાકારો દ્વારા વડાપ્રધાનશ્રીના જીવન, વિચાર અને રાષ્ટ્રનિર્માણની યાત્રાનું પ્રેરણાદાયક પ્રસ્તુતિકરણ

**ગાંધીનગર, તા. 31**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વિચાર, કાર્યસંસ્કૃતિ અને રાષ્ટ્ર પ્રત્યેના અડગ સંકલ્પને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે આયોજિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શૉ ‘નમોત્સવ’ને આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નીહાળ્યો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રીઓ સર્વશ્રી કનુભાઈ દેસાઈ, જીતુભાઈ વાઘાણી, કુંવરજીભાઈ બાવળીયા, નરેશભાઈ પટેલ, અર્જુનભાઈ મોઢવાડિયા, ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા સહિતના મંત્રીમંડળના સભ્યશ્રીઓ પણ સહભાગી થયા હતા. અમદાવાદના ઘુમા સ્થિત સંસ્કારધામ ખાતે આયોજિત આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના બાળપણથી લઈને રાષ્ટ્રનિર્માણની યાત્રા સુધીના વિવિધ પડાવોને સંગીત, નૃત્ય, નાટ્ય અને આધુનિક મલ્ટિમીડિયા માધ્યમ દ્વારા



અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

‘નમોત્સવ’ કાર્યક્રમ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનમાંથી પ્રેરણા લઈ, રાષ્ટ્રહિતમાં કાર્ય કરવાની ભાવનાને મજબૂત બનાવવાનો સંદેશ સુંદર રીતે રજૂ થયો હતો. આ પ્રસંગે જાણીતા કલાકાર શ્રી સાંઈરામ દવે સહિત કુલ ૧૫૦ કલાકારોએ પોતાની કલાત્મક રજૂઆત દ્વારા ઉપસ્થિત સૌને ભાવવિભોર કરી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન દેશભક્તિ, સેવા, સંકલ્પ, સંસ્કાર અને વિકાસનાં મૂલ્યોને કલાત્મક રીતે ઉજાગર કરવામાં આવ્યા હતા. સંસ્કારધામના ચેરમેન શ્રી ડૉ. આર.કે. શાહે સ્વાગત કરી સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે સૌ ઉપસ્થિતોએ સ્વદેશીના શપથ પણ ગ્રહણ કર્યાં હતાં. આ કાર્યક્રમને રાજ્યકક્ષાના મંત્રીઓ સર્વશ્રી મનીષાબેન વકીલ, રમેશભાઈ કટારા, પ્રવિણભાઈ માળી, ડૉ. જયરામભાઈ ગામિત, કમલેશભાઈ પટેલ, સ્વરૂપજી ઠાકોર, પી.સી. બરંડા, મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ, પૂર્વ મંત્રીશ્રીઓ, ફિલ્મ દિગદર્શક શ્રી આશુતોષ ગોવારિકર, ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી સંજય ઝાઝુ, શ્રી અજયભાઈ પટેલ સહિતના મહાનુભાવો તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ રસપૂર્વક નિહાળ્યો હતો.

# હવામાન વિભાગની કમોસમી વરસાદની આગાહી સંદર્ભે કૃષિ વિભાગે પાક રક્ષણ માટે માર્ગદર્શિકા જાહેર કરી

**ગાંધીનગર, તા. 31**

ભારતીય હવામાન વિભાગ દ્વારા આવતીકાલ તા. ૦૧ જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જેવા જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈને કૃષિ વિભાગે ખેડૂતોના પાકને નુકશાનથી બચાવવાના કેટલાક મહત્વપૂર્ણ પગલાંઓ સૂચવતી માર્ગદર્શિકા જાહેર કરી છે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ માર્ગદર્શિકામાં સૂચવવામાં આવેલા અગમચેતીના પગલાઓ અનુસરવા રાજ્યના ખેડૂતોને અનુરોધ કર્યો છે. માર્ગદર્શિકામાં સૂચવવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાં: * કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવા * આ સિવાય પાકને પ્લાસ્ટિક અથવા તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકવો અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું રોકવું જેથી પાક નુકશાનીથી બચી શકાય. * ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવો * જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો * APMCમાં વેપારી અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા * APMCમાં અનાજ અને ખેત પેદાશો ઢાંકીને અથવા શેડ નીચે સુરક્ષિત રાખવા * આ ઉપરાંત APMCમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી જેથી નુકશાની અટકાવી શકાય.

# 14 છગ્ગા...9 ચોગ્ગા...અને 157 રન': 209ની સ્ટ્રાઈક રેટથી સરફરાઝ ખાને તેંડુલકરની ટીમને ધોઈ નાખી; બરોડાના ત્રણ બેટર્સે સેન્ચુરી ફટકારી

## જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે છત્તીસગઢે સિક્કિમને 356 રનનો ટાર્ગેટ આપ્યો

**મુંબઈ, તા. 31**

વિજય હજારે ટ્રોફીની વર્તમાન સીઝનમાં ચોથા રાઉન્ડના મુકાબલા રમાઈ રહ્યા છે. આ રાઉન્ડમાં 38 ટીમ 19 મેચમાં અલગ-અલગ મેદાનો પર આમને-સામને છે. ગ્રુપ-Cમાં મુંબઈનો સામનો ગોવા સામે થઈ રહ્યો છે. જયપુરમાં મુંબઈએ ગોવાને 445 રનનો ટાર્ગેટ આપ્યો છે.

સરફરાઝ ખાને 75 બોલમાં 157 રનની ઈનિંગ રમી. આ ઈનિંગમાં 9 ચોગ્ગા અને 14 છગ્ગા ફટકાર્યા. હાર્દિક તામોરેએ 53 અને મુશીર ખાને 60 રન બનાવ્યા. ઓપનર યશસ્વી જયસ્વાલે 46 રનનું યોગદાન આપ્યું. દર્શને 3 વિકેટ ઝડપી. વી કૌશિક અને લલિત યાદવે 2-2 વિકેટ લીધી. જ્યારે અર્જુન તેંડુલકર 8 ઓવરમાં 78 રન આપ્યા હતા. તે એકપણ વિકેટ લઈ શક્યો નહોતો.

કર્ણાટકના દેવદત્ત પડિકલે પુડુચેરી સામે સદી પૂરી કરી લીધી છે. આ સીઝનમાં ચાર મેચમાં તેની આ ત્રીજી સદી છે. આ પહેલા તેણે ત્રણ મેચમાં 22, 124 અને 147 રનની ઈનિંગ્સ રમી હતી. બીજી તરફ, ગ્રુપ-Bની એક મેચમાં બંગાળે જમ્મુ-કાશ્મીરને 9 વિકેટે હરાવી દીધું. જમ્મુ-કાશ્મીરે 64 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જે બંગાળે 10મી ઓવરમાં જ ચેઝ કરી લીધો હતો. ચંદીગઢ સામે વિદર્ભની જીત ચંદીગઢ સામે વિદર્ભની 8 વિકેટથી જીત થવા પામી છે. ચંદીગઢે પ્રથમ બેટિંગ કરી 29.1 ઓવરમાં 113 રન બનાવ્યા હતા. જેની સામે વિદર્ભે 22.3 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 114 રન બનાવી જીત મેળવી હતી.



ગાયકવાડની સદીથી મહારાષ્ટ્ર 331 સુધી પહોંચ્યું ઋતુરાજ ગાયકવાડે વધુ એક શાનદાર શતકીય ઈનિંગ રમતા મહારાષ્ટ્રને મજબૂત સ્કોર સુધી પહોંચાડી દીધું. ઉત્તરાખંડ સામે ગાયકવાડે 113 બોલમાં 124 રન બનાવ્યા, જેના કારણે મહારાષ્ટ્રની ટીમ 24 ઓવરમાં 4 વિકેટે 100 રનની મુશ્કેલ સ્થિતિમાંથી બહાર આવીને 331 રનનો મોટો સ્કોર ઊભો કરવામાં સફળ રહી. ડિસેમ્બર 2025 ગાયકવાડ માટે ખૂબ જ ખાસ રહ્યો છે. તેણે મહિનાની શરૂઆત ભારત માટે નંબર-4 પર બેટિંગ કરતા પોતાની પ્રથમ વન-ડે સદી ફટકારીને કરી હતી અને હવે વર્ષનો અંત પણ વધુ એક સેન્ચુરી ઈનિંગ સાથે કર્યો. ગાયકવાડની ઈનિંગમાં 12 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ રહ્યા. ઈનિંગનો ટર્નિંગ પોઈન્ટ રામકૃષ્ણ ઘોષ સાથે થયેલી 94 રનની ભાગીદારી રહી. ઘોષે માત્ર 31 બોલમાં 47 રનની તોફાની ઈનિંગ રમીને રન ગતિને તેજ કરી દીધી હતી. બરોડાએ હૈદરાબાદને 418 રનનો ટાર્ગેટ આપ્યો, ટૉપ-3 બેટર્સે સદી ફટકારી રાજકોટમાં ચાલી રહેલી મેચમાં બરોડાએ હૈદરાબાદને 50 ઓવરમાં 418 રનનો ટાર્ગેટ આપ્યો. ટીમના ટોચના ત્રણ બેટર્સે સદી ફટકારી. નિત્ય જે પંડ્યાએ 122, એએસ પાસીએ 127 અને કૃણાલ પંડ્યાએ 109 રન બનાવી અણનમ રહ્યો. ભાનુ પુનિયાએ અણનમ 42 રન બનાવ્યા. સીવી મિલિંદે બે વિકેટ લીધી.છત્તીસગઢે સિક્કિમને 356 રનનો ટાર્ગેટ આપ્યો

જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે છત્તીસગઢે સિક્કિમને 356 રનનો ટાર્ગેટ આપ્યો. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ટીમે ૫૦ ઓવરમાં 3 વિકેટે 355 રન બનાવ્યા. વિકલ્પ તિવારીએ 112 રનની સદી ફટકારી, જ્યારે અમનદીપ ખરેએ અણનમ 83 અને આયુષ પાંડેએ 86 રન બનાવ્યા. અભિષેક, એમડી સપતુલા અને અંકુરે એક-એક વિકેટ લીધી. જયપુરમાં, મુંબઈએ ગોવાને જીતવા માટે 445 રનનો ટાર્ગેટ આપ્યો. ગોવાએ જયપુરિયા વિદ્યાલય ગ્રાઉન્ડ પર ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

## કોલકાતાની પીચને ICCએ સંતોષકારક રેટિંગ આપ્યું : ભારત-સાઉથ આફ્રિકા ટેસ્ટ મેચ 3 દિવસમાં પૂરી થઈ

**મુંબઈ, તા. 31**

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે નવેમ્બર 2025માં કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી ટેસ્ટ મેચની પીચને ICC મેચ રેફરી રિચી રિચાર્ડસને 'સંતોષકારક' રેટિંગ આપ્યું છે. આ રેટિંગ સાથે ઈડન ગાર્ડન્સ પર કોઈ પણ પ્રકારનો દંડ કે કાર્યવાહી થશે નહીં. આ ટેસ્ટ મેચ માત્ર ત્રણ દિવસમાં સમાપ્ત થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાએ ભારતને 30 રનથી હરાવીને સિરીઝમાં 1-0ની લીડ બનાવી હતી. પછી ગુવાહાટી ટેસ્ટ જીતીને સિરીઝમાં 2-0થી ક્લીન સ્વીપ કર્યું હતું. કોલકાતા ટેસ્ટમાં માત્ર એક જ ફિફ્ટી લાગી હતી, જે સાઉથ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ ફટકારી હતી. કોલકાતા ટેસ્ટ દરમિયાન અને પછી પીચને લઈને ઘણી ચર્ચા થઈ હતી. ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરે મેચ પછી કહ્યું હતું કે આ એ જ પીચ હતી જેની ટીમે માંગ કરી હતી અને તેમણે ક્યુરેટર સુજાન મુખર્જીની પ્રશંસા પણ કરી હતી. જોકે, બીજી ટેસ્ટ પહેલા ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે આ નિવેદનનો ખંડન કર્યો. તેમણે કહ્યું કે ગંભીરે આ વાત ક્યુરેટરને બચાવવા માટે કહી હતી અને ટીમને અસમાન ઉછાળવાળી પીચની અપેક્ષા નહોતી. કોલકાતા ટેસ્ટની પીચ કેવી હતી? ઈડન ગાર્ડન્સની પીચ પર પહેલા ઓવરથી જ બોલનો ઉછાળો અસમાન જોવા મળ્યો. મેચ આગળ વધવાની સાથે પીચ પરથી ઝડપી ટર્ન પણ મળવા લાગ્યો. આ પીચ પરથી ઝડપી બોલરો અને સ્પિનરો બંનેને મદદ મળી. સાઉથ આફ્રિકાની જીતમાં ઓફ-સ્પિનર સાઈમન હાર્મર અને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર માર્કો યાન્સેને મહત્વની ભૂમિકા ભજવી.

## ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર ડેમિયન માર્ટિન કોમામાં : 1999-2003 વર્લ્ડ કપ જીતનારી ટીમમાં સામેલ હતા



**મુંબઈ, તા. 31**

ભૂત પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેમિયન માર્ટિનને મેનિન્જાઈટિસ (મગજની પટલની બળતરા )ને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેઓ ઈન્ડ્યુસ્ડ કોમામાં છે. તેમની બ્રિસ્બેનની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યાં તેમની હાલત ગંભીર છે. બોક્સિંગ ડેના દિવસે અચાનક 54 વર્ષીય માર્ટિનની તબિયત લથડી હતી, જે બાદ તેમને તાત્કાલિક બ્રિસ્બેનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ વિકેટકીપર ગિલક્રિસ્ટે પુષ્ટિ કરી માર્ટિનની બીમારીની પુષ્ટિ તેમના નજીકના મિત્ર અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકીપર એડમ ગિલક્રિસ્ટે કરી છે. ગિલક્રિસ્ટે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે માર્ટિનને શ્રેષ્ઠ મેડિકલ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે ડોકટરોની ટીમ સતત તેમની હાલત પર નજર રાખી રહી છે. ગિલક્રિસ્ટના મતે, માર્ટિનની પત્ની અમાન્ડા અને તેમનો પરિવાર આ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે, પરંતુ તેમને દુનિયાભરમાંથી મળી રહેલી દુઆઓ અને શુભેચ્છાઓથી હિંમત મળી રહી છે. માર્ટિને 67 ટેસ્ટ અને 208 વન-ડે મેચ રમી ડેમિયન માર્ટિને ઓસ્ટ્રેલિયા માટે 67 ટેસ્ટ અને 208 વન-ડે મેચ રમતા શાનદાર બેટિંગ કરી છે. આ ઉપરાંત તેઓ ચાર T20 આંતરરાષ્ટ્રીય મુકાબલામાં પણ રમ્યા છે. પોતાની કારકિર્દીમાં માર્ટિને ટેસ્ટ ક્રિકેટમાં 4406 રન બનાવ્યા, જ્યારે વન-ડેમાં તેમના નામે 5346 રન નોંધાયેલા છે. 2006માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી પણ તેઓ ક્રિકેટ સાથે જોડાયેલા રહ્યા. માર્ટિન 1999 અને 2003ની વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયન ટીમમાં પણ સામેલ હતા. ભારત સામે 2003 વર્લ્ડ કપ ફાઈનલમાં અણનમ 88 રન બનાવ્યા 2003 વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત સામે તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## 'નુસરત ભરૂચાએ ગુનો કર્યો છે, માફી માંગી પશ્ચાતાપ કરે




■ એક્ટ્રેસે મહાકાલના દર્શન કરતા ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના પ્રમુખ વિફર્યા

**મુંબઈ તા. 31**

બોલિવૂડ એક્ટ્રેસ નુસરત ભરૂચા તાજેતરમાં મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે મહાકાલના દર્શન કરવા પહોંચી હતી. મંદિરમાંથી એક્ટ્રેસની તસવીરો સામે આવ્યા બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના પ્રમુખ મૌલાના શાહબુદ્દીન રિઝવી બરેલવીએ તેની સખત નિંદા કરતા તેને ગુનો ગણાવ્યો છે. તેમણે ફરમાન જારી કર્યું છે કે, 'નુસરત આ માટે તૌબા (પશ્ચાતાપ) કરે, માફી માંગે અને કલમા પઢે.' મૌલાના શાહબુદ્દીન રિઝવી બરેલવીએ ANIને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, 'નુસરત ભરૂચાએ ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં જઈને પૂજા-પાઠ કર્યાં, જળ ચઢાવ્યું, દર્શન કર્યાં, ચાદર ઓઢી, કપાળ પર કશ્કા (ચંદન) લગાવ્યું. આ જે તમામ વસ્તુઓ તેમણે કરી છે, તે શરિયત (ઈસ્લામિક કાયદા)ની દૃષ્ટિએ ગુનો છે અને સૌથી મોટો ગુનો છે. આ ગુનાહ-એ-અઝીમ છે.' આગળ તેમણે કહ્યું, 'તેમણે શરિયતના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કર્યું, તેથી તેમના પર શરિયતનો હુકમ લાગુ પડે છે કે, તેઓ તૌબા (પશ્ચાતાપ) કરે, ઈસ્તગફાર (માફી માંગવી) કરે અને કલમા પઢે.' નુસરત ભરૂચા 30 ડિસેમ્બરે મધ્યપ્રદેશના ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરે પહોંચી હતી. દર્શન કર્યાં બાદ એક્ટ્રેસ ભસ્મ આરતીમાં સામેલ થઈ હતી. એક્ટ્રેસનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં તે આરતી દરમિયાન આસ્થામાં લીન જોવા મળી હતી.

## ગરીબીના કારણે બાળપણમાં રાજ કપૂરના ગેરેજમાં રહ્યા



**મુંબઈ, તા. 31**

ટીવીની દુનિયામાંથી એક એવા સમાચાર સામે આવ્યા છે, જેણે ક્રિકેટ જગતમાં પણ હલચલ મચાવી દીધી છે. ટીવી એક્ટ્રેસ ખુશી મુખર્જીએ ભારતીય ક્રિકેટ ટીમના T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવને લઈને એક ખુલાસો કર્યો છે. ખુશીએ સૂર્યકુમાર યાદવ પર વારંવાર મેસેજ કરવાનો આરોપ લગાવ્યો છે. ખુશીનું કહેવું છે કે સૂર્યકુમાર યાદવ તેને અવારનવાર મેસેજ કરતો હતો, પરંતુ હવે તે તેની સાથે વાત નથી કરતી. પોતાની ડ્રેસિંગ સ્ટાઈલના કારણે સોશિયલ મીડિયા પર હંમેશા ચર્ચામાં રહેતી ખુશીનું કહેવું છે કે ઘણા ક્રિકેટરો તેની પાછળ પડ્યા હતા અને તેનું નામ અવારનવાર જાણીતી હસ્તીઓ સાથે જોડવામાં આવે છે. 'સૂર્યકુમાર મને બહુ મેસેજ કરતો હતો...' એક ઈન્ટરવ્યૂમાં વાત કરતા ખુશીએ કહ્યું- ઘણા ક્રિકેટરો મને ફોલો કરતા હતા. જોકે, સૂર્યકુમાર યાદવ મને અવારનવાર મેસેજ કરતો હતો, પરંતુ હવે અમે વધારે વાત નથી કરતા. મને મારું નામ કોઈની સાથે જોડાવું પસંદ નથી અને ન તો કોઈની સાથે લિંકઅપ પસંદ છે, તેથી ખરેખર કોઈ લિંકઅપ નથી. આ સમાચાર સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર આ મામલો છવાયેલો છે.



## 'શરારત મારા અને આયેશા માટે જ લખાયું હતું' : 'ધુરંધર'ના ગીતના વિવાદ પર ક્રિસ્ટલ ડિસોઝાએ મૌન તોડ્યું

**મુંબઈ તા. 31**

ફિલ્મ 'ધુરંધર'ના ગીત 'શરારત'માં તમન્ના ભાટિયાને રિપ્લેસ કરવાના અટકળોને લઈને એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસોઝાએ પ્રતિક્રિયા આપી છે. ક્રિસ્ટલે કહ્યું કે, તેને આવી કોઈ પણ વાતની જાણકારી નહોતી અને તમન્ના માટે તેના મનમાં ફક્ત સન્માન છે. 'આ ગીત મારા અને આયેશા માટે લખાયું હતું' ફિલ્મમાં ગીત 'શરારત' ટીવી એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસોઝા અને આયેશા ખાન પર ફિલ્માવવામાં આવ્યું છે. IANS સાથેની વાતચીતમાં ક્રિસ્ટલે કહ્યું કે, 'મને પડદા પાછળની કોઈ પણ પ્રકારની ચર્ચાની જાણ નહોતી. જે થવાનું હોય છે, તે જ થાય છે. આ તક મને અને આયેશાને આપમેળે મળી છે.' 'શરારત' ગીત શાશ્વત સચદેવાએ લખ્યું અને કંપોઝ કર્યું છે. તેને જાસ્મિન સેન્ડલસ અને મધુબંતી બાગચીએ પોતાનો અવાજ આપ્યો છે. 'શરારત' ગીત શાશ્વત સચદેવાએ લખ્યું અને કંપોઝ કર્યું છે. તેને જાસ્મિન સેન્ડલસ અને મધુબંતી બાગચીએ પોતાનો અવાજ આપ્યો છે. 'તમન્નાની સુંદરતા કે કાબિલિયત ઓછી થતી નથી' ક્રિસ્ટલે કહ્યું, 'મને આ બધી વાતોનો કોઈ ખ્યાલ નહોતો. તમન્ના ખૂબ જ શાનદાર છે, સુંદર છે અને પોતાના કામમાં ખૂબ જ સારી છે. તે વધુ આગળ વધે તેવી શુભેચ્છાઓ. જે કોઈના નસીબમાં હોય છે, તે જ તેને મળે છે. આ ગીત મારા અને આયેશા માટે લખાયું હતું અને અમને મળી ગયું. આનાથી તમન્નાની સુંદરતા કે તેમની કાબિલિયત ઓછી થતી નથી.' તેણે એમ પણ કહ્યું કે, 'જો તમન્ના આ ગીત કરતી, તો તે તેમાં પોતાની અલગ ચમક ચોક્કસ લાવત.' ક્રિસ્ટલે આગળ કહ્યું કે, 'મને દરેક એવી મહિલા પર ગર્વ છે, જે સારું કામ કરી રહી છે અને એકબીજાને સાથ આપી રહી છે.' કોરિયોગ્રાફરે પણ અટકળોને નકારી કાઢી હતી, આ ગીતના કોરિયોગ્રાફર વિજય ગાંગુલીએ પણ ઈન્સ્ટાગ્રામ પર સ્પષ્ટ કર્યું હતું કે, આ ગીત માટે તમન્ના ભાટિયાની ક્યારેય પસંદગી કરવામાં આવી ન હતી.

# વોરેન બફેટે ગુસ્સામાં ખરીદી હતી બર્કશાયર કંપની: જેને જીવનની સૌથી મોટી ભૂલ ગણાવી તેણે જ ₹98 લાખ કરોડના માલિક બનાવ્યા

**નવી દિલ્હી, તા.31**

દુનિયાના સૌથી મોટા રોકાણકાર વોરેન બફેટ આજે 31 ડિસેમ્બરે બર્કશાયર હેથવેના CEO પદ પરથી રાજીનામું આપી રહ્યા છે. 95 વર્ષના બફેટના છ દાયકા લાંબા આ સફરના અંતની કહાની ઘણી રસપ્રદ છે. જે કંપનીના દમ પર તેઓ દુનિયાના 9માં સૌથી અમીર વ્યક્તિ બન્યા, તેને ખરીદવું તેઓ પોતાના જીવનની 'સૌથી મોટી ભૂલ' માને છે.

બફેટે આ કંપની કોઈ બિઝનેસ ડીલ માટે નહીં, પરંતુ ગુસ્સામાં આવીને ખરીદી હતી. એકવાર નિવૃત્તિ પર બફેટે કહ્યું હતું, આ વિશે વિચારવું પણ અશક્ય છે. મારા માટે આ મૃત્યુ કરતા પણ ખરાબ હશે. તેઓ આજે પણ અઠવાડિયામાં પાંચ દિવસ ઓમાહા સ્થિત હેડક્વાર્ટર જાય છે.

બફેટે ધ વોલ સ્ટ્રીટ જર્નલ સાથેની વાતચીતમાં મજાકીયા અંદાજમાં કહ્યું, 'હું ઘરે બેસીને સોપ ઓપેરા (ટીવી સિરિયલ) જોવાનો નથી. મારી રુચિ હજુ પણ એ જ છે જે પહેલા હતી. હું ચેરમેન તરીકે આસપાસ જ રહીશ અને ગ્રેગ માટે ઉપયોગી સાબિત થઈ શકું છું.' 1965માં જ્યારે વોરેન બફેટે બર્કશાયર હેથવેનો કંટ્રોલ હાથમાં લીધો હતો, ત્યારે તે એક સંઘર્ષ કરી રહેલી ટેક્સટાઈલ (કાપડ) કંપની હતી. બફેટે તેને દુનિયાની સૌથી મોટી કંપનીઓમાંથી એકમાં બદલી દીધી.

આજે બર્કશાયર હેથવે 1 ટ્રિલિયન ડોલર એટલે કે, લગભગ 90 લાખ કરોડ રૂપિયાની વેલ્યુવાળી કંપની છે. તેની પાસે કોકા-કોલા, ક્રાફ્ટ હેન્ઝ અને એપલ જેવી મોટી બ્રાન્ડ્સની ભાગીદારી છે, સાથે જ જીકો અને નેટજેટ્સ જેવી કંપનીઓ પણ તેના પોર્ટફોલિયોમાં સામેલ છે.

આશ્ચર્યની વાત એ છે કે જે કંપનીના જોરે બફેટ દુનિયાના ટોપ-10 અમીરોમાં સામેલ થયા, તેને જ તેઓ પોતાની સૌથી મોટી ભૂલ માને છે. બફેટના મતે તેમણે 1962માં માત્ર એટલા માટે આ કંપની ખરીદી હતી કારણ કે તેના મેનેજમેન્ટે તેમને છેતર્યા હતા.

બફેટ જણાવે છે - 1964માં



બર્કશાયરના માલિક મિસ્ટર સ્ટેન્ટને વચન આપ્યું હતું કે તેમની પાસે બર્કશાયરના જેટલા પણ સ્ટોક છે તેને તેઓ 11.50 ડોલરના ભાવે ખરીદી લેશે. થોડા દિવસો પછી જ્યારે પત્ર આવ્યો ત્યારે કિંમત 11.375 ડોલર હતી. આ છેતરપિંડીથી બફેટને એટલો ગુસ્સો આવ્યો કે તેમણે સ્ટોક વેચવાને બદલે આખી કંપની જ ખરીદી લીધી અને સ્ટેન્ટનને નોકરીમાંથી કાઢી મૂક્યા.

બફેટ તેને પોતાની સૌથી મૂર્ખામીભરી ડીલ માને છે, કારણ કે તેમણે એક ડૂબતા ટેક્સટાઈલ બિઝનેસમાં વર્ષો સુધી પોતાના પૈસા ફસાવી રાખ્યા. બફેટ કહે છે, 'જો હું તે પૈસા સીધા ઈન્શ્યોરન્સ બિઝનેસમાં લગાવત, તો આજે બર્કશાયરની વેલ્યુ બમણી હોત.'

વોરન બફેટ માત્ર એક રોકાણકાર જ નહીં, પરંતુ એક મહાન શિક્ષક પણ રહ્યા છે. બફેટે પોતાની સલાહથી ભરેલા 'ઈન્વેસ્ટર લેટર્સ', કલાકો સુધી ચાલતી મીટિંગ્સ અને પોતાના કામ તથા અંગત જીવનના નિર્ણયો દ્વારા દુનિયાભરના CEO's ને શીખવ્યું છે કે બિઝનેસ અને જીવન કેવી રીતે ચલાવાય છે.

CEO વચ્ચે બફેટના જે ગુણની સૌથી વધુ ચર્ચા થઈ, તે છે તેમની ધીરજ. બફેટ બર્કશાયરમાં રોકડનો ઢગલો કરીને બેસી જતા હતા અને રોકાણની સાચી તકની રાહ જોતા હતા. તેમણે 1989માં શેરધારકોને લખ્યું હતું, 'અમારો મનપસંદ હોલ્ડિંગ પિરિયડ હંમેશા માટે છે.'

કાયાકના CEO સ્ટીવ હાફનર કહે છે, 'હું વોરન બફેટની આ વાતનો પ્રશંસક રહ્યો છું કે તેઓ મુશ્કેલ વાતો સમજાવવા માટે કેટલી સરળ ભાષાનો ઉપયોગ કરે છે. કોઈ જટિલ મુદ્દાને બિલકુલ બેઝિક લેવલ પર લઈ જવું એ ખૂબ મોટી કળાનું કામ છે.'

વેલ્થ મેનેજમેન્ટ ફર્મ હાઈટાવરના CEO લેરી રેસ્ટિયરીએ કહ્યું- "બફેટ પાસેથી મેં શીખ્યું કે એક્સેલન્સ ખરેખર એક ડિસિપ્લિન છે. સ્પષ્ટ દિશા નક્કી કરો અને ધીરજથી અમલ કરો."

હવે બજારની નજર ગ્રેગ એબેલ પર છે. તેમની સામે સૌથી મોટો પડકાર બર્કશાયર પાસે રહેલા 380 બિલિયન ડોલર એટલે કે 34 લાખ કરોડ રૂપિયાથી વધુના મોટા રોકડનો યોગ્ય ઉપયોગ કરવાનો છે. એબેલ સ્ટોક પીકર નથી, પરંતુ તેઓ ઓપરેશન્સ અને એનર્જી બિઝનેસના નિષ્ણાત ખેલાડી માનવામાં આવે છે.

તેમની સામે મોટો પડકાર એ પણ હશે કે શું તેઓ બફેટની 'હેન્ડ્સ-ઓફ' અપ્રોચ (સબસિડિયરી કંપનીઓના કામમાં દખલ ન આપવી) ચાલુ રાખશે કે કેટલાક ફેરફારો કરશે.

વોરેન બફેટ (Warren Buffett) એ પોતાની 99% સંપત્તિ દાન કરવાનું વચન આપ્યું છે. તાજેતરમાં તેમણે પોતાના બાળકોના ફાઉન્ડેશનને 1.3 બિલિયન ડોલરના શેર દાન કર્યા છે. તેમનું માનવું છે કે, 'બાળકોને એટલા પૈસા આપો કે તેઓ કંઈ પણ કરી શકે, પરંતુ એટલા નહીં કે તેઓ કંઈ ન કરે.'

ફોર્બ્સની રિયલ ટાઈમ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર વોરેન બફેટની નેટવર્થ 13.36 લાખ કરોડ રૂપિયા છે. દુનિયાના ટોપ 10 અમીરોમાં તેઓ નવમા સ્થાને આવે છે.

## ઈરાનનું અર્થતંત્ર કડડભૂસ: 1 ડોલર = 42,000 રિયાલ, કેન્દ્રીય બેન્કના વડાએ રાજીનામું ધર્યું

**નવી દિલ્હી, તા.31**

ઈરાનમાં છેલ્લાં 3 વર્ષથી ધગી રહેલો જનઆક્રોશનો જ્વાળામુખી સોમવારે ધડાકા સાથે ફાટયો હતો. તેલ પર તરતા આ દેશમાં કરન્સી રીયાલ એક ડોલર સામે 42 હજાર રીયાલ જેટલી તૂટી હતી. સેન્ટ્રલ બેન્કના વડાએ તેમના પદનું ત્યાગપત્ર આપી દીધું હતું. દેશની ખેદાન-મેદાન સમાન થઈ રહેલી આર્થિક સ્થિતિએ જનસામાન્યનાં અર્થતંત્રોને ખતમ કરી નાખ્યાં હતા.

ગુસ્સે થયેલી આમજનતા સાથે નાના વેપારીઓ અને દુકાનદારો પણ શેરીઓમાં ઉતરી આવ્યા હતા. પાટનગર તહેરાન અન્ય મોટાં શહેર ઈસ્ફહાન, સહિત દેશભરમાં વ્યાપક રમખાણો શરૂ થઈ ગયા હતાં. તે સાબિત કરે છે કે જનસામાન્યની હતાશા રાજકારણને પણ વટાવી ગઈ છે. તહેરાનની ઐતિહાસિક 'ગ્રાન્ડ બઝાર' પાસેનો સમૃદ્ધ વિસ્તાર પોલીસ અને દેખાવકારો વચ્ચેનું સમરાંગણ બની ગયો હતો. તહેરાનનો આક્રોશ ઈસ્ફહાત, શિરાઝ અને મશદ સહિત અનેક શહેરોમાં વ્યાપી ગયો હતો. દુકાનદારોએ શટર્સ પાડી દીધાં હતાં અને અન્યોને પણ હડતાળમાં જોડાવા એલાન કર્યું હતું. કરન્સી તૂટી જતાં, સામાન્ય વેપારીઓની તો કમર તૂટી ગઈ છે. કરન્સી કૂદકે ને ભૂસકે ગબડતી જાય છે. રવિવારે તો એક ડોલર દીઠ 1.42 મિલિયન પહોંચી હતી. સોમવારે થોડી રીકવરી થઈ 1.38 મિલિયન જેટલી જ ઊંચી આવી.

મોહમ્મદ સેકા ફર્ઝીન 2022માં સેન્ટ્રલ બેન્કના ગવર્નર થયા ત્યારે 1 ડોલર બરોબર 4.3 લાખ રીયાલ હતા. તેઓનું રાજીનામું દર્શાવે છે કે આટલા ટૂંકા ગાળામાં અર્થતંત્ર કેટલી હદે ભાંગી પડયું છે.

રિયાલ તૂટતાં કરિયાણાથી દવાઓ સુધી દરેક ચીજો મોંઘી બની ગઈ છે. સત્તાવાર રીતે જ જાહેર કરાયું છે કે ડીસેમ્બરમાં ફુગાવો 42.2 ટકા પહોંચ્યો હતો. જે ગત વર્ષના પ્રમાણમાં 72 ટકા જેટલો વધુ હતો. દવાઓની કિંમત 50 ટકા વધી હતી. 'હાઈપર ઈન્ફ્લેશનને લીધે ફ્યુએલ પ્રાઈસ હાથ બહાર ગઈ છે.'

એવા અહેવાલો પણ વહેતા થયા છે કે, માર્ચ 21 મીથી શરૂ થતાં નવા વર્ષથી ટેક્ષ વધારાશે તેથી લોકો ઘાંઘાં થઈ ગયા છે.

આ સાથે દેશભરમાં વ્યાપક રમખાણો શરૂ થઈ ગયા છે. પોલીસ તેમને રોકવા ગઈ ત્યારે પોલીસ સાથે તેમને ભારે ઝપાઝપી શરૂ થઈ હતી. ટીયર ગેસ અને લાઠીચાર્જ પછી પણ રમખાણો કાબુમાં ન આવતાં પોલીસે ગોળીબાર કરવો પડયો હતો. જેમાં કેટલાકના મૃત્યુ થયાં છે અને કેટલાંક ઘાયલ થયા છે તેના આંકડા મળતા નથી.

## સેન્સેક્સ 200 પોઈન્ટ વધીને 84,870 પર ટ્રેડ: નિફ્ટી 26,000ને પાર, મીડિયા, મેટલ એન્ડ ઓઈલ એન્ડ ગેસ શેરોમાં સૌથી વધુ તેજી

**મુંબઈ, તા.31**

અઠવાડિયાના ત્રીજા ટ્રેડિંગ દિવસે એટલે કે બુધવારે સેન્સેક્સ 200 પોઈન્ટ વધીને 84,870 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી 70 પોઈન્ટ વધીને 26,000ની ઉપર ટ્રેડ કરી રહ્યો છે.

સેન્સેક્સના 30માંથી 25 શેર તેજીમાં ટ્રેડ કરી રહ્યા છે. નિફ્ટીના 50માંથી 40 શેરો તેજીમાં ટ્રેડ કરી રહ્યા છે. NSE પરના બધા સેક્ટર્સ ગ્રીન ટ્રેડ કરી રહ્યા છે, જેમાં મીડિયા, મેટલ ઓઈલ એન્ડ ગેસ સેક્ટર અગ્રણી છે.

એશિયન બજારોમાં કોરિયાના કોસ્પી અને જાપાનના નિક્કી ઊંચા ટ્રેડ કરી રહ્યા છે. ગઈકાલે, કોસ્પી 0.15% ઘટીને 4,214 પર બંધ થયા હતા, જ્યારે જાપાનનો નિક્કી 0.37% ઘટીને 50,339 પર બંધ થયો હતો.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 1.01% ઘટીને 25,592 પર ટ્રેડ કરી રહ્યો છે, અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.073% ઘટીને 3,962 પર ટ્રેડ કરી રહ્યો છે.



30 ડિસેમ્બરે, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.20% ઘટીને 48,367 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.24% અને S&P 500 0.14% ઘટીને બંધ થયો.

29 ડિસેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FII)એ 3,844.02 કરોડના શેર વેચ્યા, અને સ્થાનિક રોકાણકારો (DII)એ 6,159.81 કરોડના શેર ખરીદ્યા.

30 ડિસેમ્બર સુધીમાં, FIIએ કુલ 30,752.24 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન, બજારના મુખ્ય રોકાણકારો, DIIએ 72,860.27 કરોડના શેર ખરીદ્યા.

નવેમ્બરમાં, FIIએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા, જ્યારે DII એ 77,083.78 કરોડના શેર ખરીદ્યા. આનો અર્થ એ થયો કે બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

30 ડિસેમ્બરના રોજ, અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, શેરબજાર ફ્લેટ ટ્રેડ થયું. સેન્સેક્સ 20 પોઈન્ટ ઘટીને 84,675 પર બંધ થયો. નિફ્ટી 3 પોઈન્ટ ઘટીને 25,938 પર બંધ થયો.

સેન્સેક્સના 30માંથી 17 શેર ઘટ્યા. નિફ્ટીના 50માંથી 28 શેર નીચા સ્તરે બંધ થયા. NSEના ઓટો, મેટલ અને બેંકિંગ ક્ષેત્રીય સૂચકાંકોમાં વધારો થયો, જ્યારે મીડિયા અને રિયલ્ટી ક્ષેત્રોમાં વેચવાલી જોવા મળી.

## ન્યૂ યર ઈવ પર ફૂડ-ગ્રોસરી ડિલિવરી ઠપ થઈ શકે છે: દેશભરના ગીગ વર્કર્સની હડતાળ, ₹20 પ્રતિ કિમી અને ₹40 હજાર ફિક્સ પગારની માગ

**નવી દિલ્હી, તા.31**

વર્ષના છેલ્લા દિવસે એટલે કે 31 ડિસેમ્બરે ઓનલાઈન ભોજન મંગાવનારા અથવા કરિયાણાનો ઓર્ડર આપનારાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. દેશભરના ગીગ વર્કર્સ (ડિલિવરી અને ટેક્સી ડ્રાઈવરો) એ આજે દેશભરમાં હડતાળનું એલાન કર્યું છે.

વર્કર યુનિયનનો આરોપ છે કે એપ આધારિત કંપનીઓ તેમનું શોષણ કરી રહી છે અને તેમને મૂળભૂત કાનૂની અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. ગીગ એન્ડ પ્લેટફોર્મ સર્વિસિસ વર્કર્સ યુનિયન (GIPSWU) એ કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાને પત્ર લખીને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માગ કરી છે.

યુનિયને ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ પર ધ્યાન આપવામાં નહીં આવે તો તેની



અસર દેશના અર્થતંત્રના વિકાસ પર પણ પડશે. આ પહેલા 25 ડિસેમ્બરે પણ ડિલિવરી વર્કર્સે પ્રતીકાત્મક હડતાળ કરી હતી.

આ હડતાળને મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને દિલ્હી-NCR સહિત અનેક રાજ્યોના સંગઠનોનું સમર્થન મળ્યું છે. આજ રાત્રે ન્યૂ યર ઈવ પર જ્યારે ફૂડ અને ગ્રોસરીની માગ સૌથી વધુ હોય છે, ત્યારે 1 લાખથી લઈને 1.5 લાખ સુધીના ડિલિવરી રાઈડર્સ એપમાંથી લોગ-આઉટ રહી શકે છે. તેની સૌથી વધુ અસર બેંગલુરુ, હૈદરાબાદ, પુણે અને કોલકાતા જેવા મોટા શહેરોમાં જોવા મળશે.

હડતાળ પાછળનું સૌથી મોટું કારણ કામનું દબાણ અને કમાણીમાં ઘટાડો છે. યુનિયને માગ કરી છે કે 10 થી 20 મિનિટની અંદર ડિલિવરી કરવાના દબાણને તાત્કાલિક સમાપ્ત કરવામાં આવે.

વર્કર્સનું કહેવું છે કે આટલા ઓછા સમયમાં ડિલિવરી કરવાનો અર્થ એ છે કે આપણે ઝડપથી વાહન ચલાવીએ, જેનાથી હંમેશા માર્ગ અકસ્માતોનો ખતરો રહે છે.

આ ઉપરાંત, ઝોમેટો, સ્વિગી, બ્લિંકિટ, ઝેપ્ટો અને ફ્લિપકાર્ટ જેવી કંપનીઓ સાથે સંકળાયેલા વર્કર્સ દ્વારા પ્રતિ કિલોમીટર 20 રૂપિયાનો દર નક્કી કરવાની માગ કરવામાં આવી છે.

ગિગ વર્કર્સ દ્વારા તેમની માંગણીઓનો એક ચાર્ટર સરકારને સોંપવામાં આવ્યો છે, જેમાં મુખ્ય માંગણીઓ શામેલ છે: ન્યૂનતમ આવક: દર મહિને ઓછામાં ઓછી 40,000 રૂપિયાની કમાણીની ગેરંટી આપવામાં આવે.

ID બ્લોકિંગ: કોઈ નક્કર કારણ વગર વર્કર્સની ID બ્લોક કરવી અને રેટિંગના આધારે પેનલ્ટી અને સજા આપવાનું બંધ થાય.

સુરક્ષા: મહિલા વર્કર્સ માટે કાર્યસ્થળ પર સુરક્ષા, ઈમરજન્સી રજા અને મેટરનિટી પ્રોટેક્શન મળે.

સપોર્ટ: સમસ્યાઓના નિરાકરણ માટે AI સપોર્ટને બદલે 24 કલાક હ્યુમન (માનવીય) સપોર્ટ ઉપલબ્ધ હોય.

વર્કરનો દરજ્જો: ડિલિવરી પાર્ટનર્સને 'પાર્ટનર'ને બદલે શ્રમ કાયદાઓ હેઠળ 'વર્કર' ગણવામાં આવે.

'આધુનિક શોષણ' અવાજ ઉઠાવવા પર ધમકી મળે છે

તેલંગાણા ગીગ એન્ડ પ્લેટફોર્મ વર્કર્સ યુનિયન (TGPWU) ના સ્થાપક અધ્યક્ષ શેખ સલાઉદ્દીનનું કહેવું છે કે જ્યારે પણ વર્કર્સ પોતાનો અવાજ ઉઠાવે છે, ત્યારે કંપનીઓ તેમની ID બ્લોક કરી દે છે અથવા પોલીસની ધમકી આપે છે.

તેમણે આને 'આધુનિક યુગનું શોષણ' ગણાવ્યું છે. સલાઉદ્દીન અનુસાર, પ્લેટફોર્મ કંપનીઓને નિયંત્રિત કરવાની જરૂર છે જેથી કામદારોને સન્માન અને સુરક્ષા મળી શકે.

## સોના-ચાંદીના ભાવમાં સતત બીજા દિવસે ઘટાડો: સોનું 1,500 રૂપિયા ઘટીને 1.33 લાખ પર આવ્યું, ચાંદી 2,896 રૂપિયા સસ્તી થઈ 2.29 લાખ પર આવી

**નવી દિલ્હી, તા.31**

31 ડિસેમ્બરના રોજ સોના-ચાંદીના ભાવમાં સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,500 રૂપિયા ઘટીને 1,33,099 રૂપિયા પર આવી ગયો છે. ગઈકાલે તે 1,34,599 રૂપિયા/10g પર હતો. જ્યારે, એક કિલો ચાંદીની કિંમત 2,896 રૂપિયા સસ્તી થઈને 2,29,433 રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે તેની કિંમત 2,32,329 રૂપિયા પ્રતિ કિલો હતી. સતત 5 દિવસ સુધી વધ્યા પછી ગઈકાલે ચાંદીમાં ઘટાડો આવ્યો હતો, આજે ઘટાડાનો સતત બીજો દિવસ છે. આ પહેલા 29



ડિસેમ્બરના રોજ કારોબાર દરમિયાન સોનાની કિંમત 1,38,161 રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદીની 2,43,483 રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી ગઈ હતી. આ બંનેનો અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ એટલે કે ઓલ ટાઈમ હાઈ રેટ છે. છેલ્લા એક વર્ષમાં સોનાની કિંમત 56,937 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,33,099 રૂપિયા થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,43,416 રૂપિયા (167%) વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,29,433 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

IBJAની સોનાની કિંમતોમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી. તેથી શહેરોના દરો આનાથી અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના દરો નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના દરો નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. ડોલર નબળો-અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માંગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નહીં, જરૂરી કાચો માલ બની ગઈ છે.

## વોડાફોન-આઈડિયાને કેબિનેટ તરફથી મોટી રાહત: ₹ 87,695 કરોડના AGR બાકી પેમેન્ટ પર ફ્રીઝ લાગુ; હવે FY32 થી FY41ની વચ્ચે ચૂકવણી કરવી પડશે

**નવી દિલ્હી, તા.31**

કેન્દ્રીય કેબિનેટે બુધવારે (31 ડિસેમ્બર)ના રોજ દેવામાં ડૂબેલી ટેલિકોમ કંપની વોડાફોન-આઈડિયા (Vi) માટે એક મોટા રાહત પેકેજને મંજૂરી આપી દીધી છે. કેબિનેટના આ નિર્ણય હેઠળ કંપનીના 87,695 કરોડના એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR) બાકી લેણાંને હાલ પૂરતું 'ફ્રીઝ' કરી દેવામાં આવ્યું છે. એનો અર્થ એ છે કે કંપનીએ હવે આ મોટી રકમ તરત ચૂકવવી પડશે નહીં. સરકારી ન્યૂઝ એજન્સી ANI અને PTIના સૂત્રો અનુસાર, આ ચુકવણી હવે નાણાકીય વર્ષ 2032થી 2041 વચ્ચે 10 વર્ષની વિન્ડોમાં કરવી પડશે. કેબિનેટે વોડાફોન-આઈડિયાને પાંચ વર્ષનું




મોરેટોરિયમ (ચુકવણીમાં છૂટ) પણ આપ્યું છે. આ નિર્ણયથી રોકડ સંકટનો સામનો કરી રહેલી કંપનીને મોટી રાહત મળી છે. કંપની લાંબા સમયથી સરકારને વિનંતી કરી રહી હતી કે તેને બાકી લેણાં ચૂકવવા માટે વધુ સમય આપવામાં આવે.

જો આ રાહત ન મળી હોત, તો કંપની માટે પોતાનું ઓપરેશન્સ ચાલુ રાખવું મુશ્કેલ બની જાત. હવે આગામી કેટલાક વર્ષો સુધી કંપનીએ AGR બાકી લેણાં સંબંધિત મોટા હપ્તાઓની ચુકવણી કરવી પડશે નહીં. AGR (એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ) ટેલિકોમ કંપનીઓની કમાણીનો તે ભાગ છે જેના પર સરકાર લાયસન્સ ફી અને સ્પેક્ટ્રમ ઉપયોગ ફી (SUC) લગાવે છે. આ રાહત સુપ્રીમ કોર્ટના તે તાજેતરના વલણ પછી આવી છે જેમાં સરકારને AGR બાકીની ગણતરી પર ફરીથી વિચાર કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પહેલા કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું, પરંતુ બાદમાં સરકારે (જે પોતે Viમાં સૌથી મોટી શેરહોલ્ડર છે) કંપનીના અસ્તિત્વને બચાવવા માટે હસ્તક્ષેપ કર્યો. સરકારે કોર્ટને જણાવ્યું હતું કે ટેલિકોમ સેક્ટરમાં સ્પર્ધા જાળવી રાખવા અને કરોડો ગ્રાહકોના હિતો માટે વોડાફોન-આઈડિયાનું ટકી રહેવું જરૂરી છે.

## આધાર સાથે પાન લિંક કરવાની આજે છેલ્લી તક: 31 ડિસેમ્બર સુધીમાં ન કરવા પર PAN કાર્ડ બંધ થઈ જશે, જાણો લિંક કરવાની પ્રોસેસ

**નવી દિલ્હી, તા.31**

જો તમે હજી સુધી તમારું પાન કાર્ડ તમારા આધાર સાથે લિંક નથી કર્યું તો આજે જ કરી લો. કારણ કે 31 ડિસેમ્બર 2025 સુધીમાં આમ ન કરવાથી તમારું પાન કાર્ડ 1 જાન્યુઆરી 2026 થી ઈનઓપરેટિવ એટલે કે બંધ થઈ જશે. પછી તમે ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરી શકશો નહીં, તમને રિફંડ મળશે નહીં.

એટલું જ નહીં, તમારો પગાર ખાતામાં જમા થવામાં અથવા SIP જેવા રોકાણમાં મુશ્કેલી આવી શકે છે. જે લોકોએ 1 ઓક્ટોબર 2024 પહેલા આધાર એનરોલમેન્ટ ID નો ઉપયોગ કરીને પાન કાર્ડ બનાવ્યું હતું, તેમને તો કોઈપણ ભોગે 31 ડિસેમ્બર 2025 સુધીમાં તેને લિંક કરવું જ પડશે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) સર્વજ્ઞ જૈન (ઈન્દોર) ના મતે, સમયસર આધાર-પાન લિંક




કરવાથી ઘણી મુશ્કેલીઓથી બચી શકાય છે.

ઈન્કમટેક્સની ઈ-ફાઈલિંગ વેબસાઈટ પર જાઓ. લિંક આધાર પર ક્લિક કરો પાન અને આધાર નંબર દાખલ કરો ઈ-પે ટેક્સ દ્વારા 1,000 ફી ચૂકવો. એસેસમેન્ટ યર 2026-27 પસંદ કરો. ટાઈપ ઓફ પેમેન્ટમાં (500) Other Receipts પસંદ કરો. તમારી સુવિધા મુજબ ચુકવણી કરો.

3-4 કલાક પછી ફરી પોર્ટલના 'Link Aadhaar' સેક્શનમાં જાઓ. પાન અને આધાર નંબર દાખલ કરી 'Validate' પર ક્લિક કરો. 'Your payment details are verified' એવો મેસેજ દેખાશે, પછી 'Continue' પર ક્લિક કરો. તમારું નામ અને મોબાઈલ નંબર દાખલ કરો અને OTP વડે માન્ય કરો.

સ્ટેટસ ચેક કરવા માટે પોર્ટલ પર 'Link Aadhaar Status' પર જાઓ. તમારો પાન અને આધાર નંબર દાખલ કરો. જો લિંક થઈ ગયું હશે તો 'ગ્રીન ચેકમાર્ક' દેખાશે.

જો પાનકાર્ડ બંધ થઈ જશે તો તમે તમારું આવકવેરા રિટર્ન (ITR) ફાઈલ કરી શકશો નહીં અથવા તમારું બાકી રિફંડ મેળવી શકશો નહીં. તમને બેંક ખાતા અથવા મ્યુચ્યુઅલ ફંડથી જોડાયેલાં કામોમાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

જો તમારું પાન નિષ્ક્રિય થઈ ગયું છે અને તમે તેનો ઉપયોગ બેંકના વ્યવહારો અથવા અન્ય જગ્યાએ કરો છો, તો એવું માનવામાં આવશે કે તમે કાયદા હેઠળ પાન આપ્યું નથી, આવી સ્થિતિમાં તમારા પર ઈન્કમ ટેક્સ એક્ટની કલમ 272B હેઠળ 10,000 રૂપિયાનો દંડ લાગી શકે છે. એક્ટની કલમ 139A હેઠળ માંગવામાં આવે ત્યારે PAN બતાવવું ફરજિયાત છે.

# મહારાષ્ટ્રની 'પારધી ગેંગ' ઇન્સ્ટાગ્રામની મદદથી ઝડપાઈ

## કોઈને શક ન જાય તે માટે પોતાની જ સગીર બાળકીઓ પાસે ચોરી કરાવતા, રેલવે સ્ટેશનની લિફ્ટમાં 15 લાખના દાગીના ચોરી કરી હતી



**સુરત, તા.31**

સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની નજર ચૂકવી લાખોના દાગીનાની ચોરી કરતી મહારાષ્ટ્રની કુખ્યાત પારધી ગેંગનો પશ્ચિમ રેલવે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને સુરત રેલવે પોલીસ (GRP) એ પર્દાફાશ કર્યો છે. આ ગેંગની મોડસ ઓપરેન્ડી એ હતી કે તેઓ પોતાની માસૂમ બાળકીઓ પાસે ચોરી કરાવતા હતા. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને ઈન્સ્ટાગ્રામ આઈડીના આધારે આરોપીઓને દબોચી લઈ 15.30 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

ગત તારીખ 16 નવેમ્બર, 2025ના રોજ રાજસ્થાનના સમદડીથી ગંગાનગર-દાદર એક્સપ્રેસમાં મુસાફરી કરી વૃદ્ધ દંપતી નેમીચંદ જૈન અને ઉમરાવદેવી સુરત આવ્યા હતા. પ્લેટફોર્મ નંબર 2 પર ટ્રેનમાંથી ઉતરી જ્યારે તેઓ લિફ્ટમાં ચડી રહ્યા હતા, ત્યારે ભીડનો લાભ લઈ બે બાળકીઓએ ઉમરાવદેવીના પર્સમાંથી સોનાના દાગીના ભરેલું નાનું પર્સ ચોરી લીધું હતું. આ પર્સમાં મંગળસૂત્ર, ચેઈન, બંગડીઓ અને વીંટી સહિત કુલ 15,60,700 ની કિંમતના દાગીના હતા.

ચોરીની ફરિયાદ બાદ રેલવે LCB અને સુરત રેલવે પોલીસે તપાસ શરૂ કરી હતી. CCTV ફૂટેજમાં બે સગીર બાળકીઓ દાગીના ચોરતી અને ત્યારબાદ એક સ્ત્રી-પુરુષ સાથે સ્ટેશનની બહાર જતી જોવા મળી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ પરિવાર પાંડેસરા વિસ્તારમાં ઝૂંપડું બાંધીને રહેતો હતો, પરંતુ ગુનાના દિવસે જ તેઓ ત્યાંથી ગાયબ થઈ ગયા હતા. પોલીસને તપાસમાં એક શકમંદનું Instagram ID મળી આવ્યું હતું. ટેકનિકલ સેલના ASI દ્વારા આ આઈડીના IP એડ્રેસ ટ્રેક કરવામાં આવ્યા, જેનાથી આરોપીનો નવો મોબાઈલ નંબર હાથ લાગ્યો હતો. આ ટેકનિકલ મદદથી પોલીસને જાણવા મળ્યું કે ગેંગ હાલ મહારાષ્ટ્રના અમરાવતીમાં છે.

ટેકનિકલ સર્વેલન્સ હેઠળ રહેલા આરોપીઓ જેવો ફરી સુરત પહોંચ્યા, કે તુરંત જ એલ.સી.બી.ની ટીમે વોચ ગોઠવી સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1ના પાર્કિંગ પાસેથી દંપતી અને 4 બાળકીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ટીના ઉર્ફે અંજુ સુમિત શિંદે (ઉ.વ. 30, રહે. અમરાવતી, મહારાષ્ટ્ર) અને તેના પતિ સુમિત શત્રુઘ્ન કાલે (ઉ.વ. 30, રહે. અમરાવતી, મહારાષ્ટ્ર) નો સમાવેશ થાય છે.

પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેઓ ભીડભાડવાળા સ્થળોએ ફુગ્ગા કે રમકડાં વેચવાનો ઢોંગ કરતા હતા. તેઓ પોતાની 9 અને 7.5 વર્ષની દીકરીઓ પાસે ભીખ મંગાવતા અને મોકો મળતા જ મુસાફરોનો સામાન ચોરતા. આરોપીઓ માનતા હતા કે નાની બાળકીઓ પર કોઈ શંકા ન કરે અને જો પકડાય તો પણ પોલીસ તેમને છોડી દેશે.

આ ગેંગે સુરત રેલવે સ્ટેશન પર અગાઉ કરેલી અન્ય બે ચોરીઓ અને ભોપાલ રેલવે સ્ટેશન પરની એક ચોરીની પણ કબૂલાત કરી છે. આરોપીઓએ સુરતમાં 15.60 લાખના દાગીનાની ચોરી, લિફ્ટમાં 50,000 રોકડાની ચોરી, સોનાની બુટ્ટી અને પેન્ડલની ચોરી અને ભોપાલમાં રોકડ ભરેલા પર્સની ચોરી કરી હતી.

આરોપીઓએ ચોરીના દાગીના અમરાવતીના વેપારી પવન મહેશજી ભિંડાને વેચ્યા હતા. પોલીસે અમરાવતી જઈ વેપારીની ધરપકડ કરી હતી. વેપારીએ દાગીના ઓગાળી નાખ્યા હતા, જેમાંથી તૈયાર કરેલી 109.800 ગ્રામ સોનાની લગડી (કિંમત 15.30 લાખ) પોલીસે કબજે કરી છે. હાલમાં કોર્ટે આરોપીઓના 6 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ તપાસ કરી રહી છે કે આ ગેંગે અન્ય કેટલા રાજ્યો કે શહેરોમાં આ પ્રકારે બાળકોનો ઉપયોગ કરી ગુના આચર્યા છે.

# અમદાવાદનો વધુ એક બ્રિજ તોડી પડાશે, વટવા GIDCમાં 6 મહિના માટે મહત્ત્વનો રસ્તો બંધ.....



**અમદાવાદ, તા.31**

અમદાવાદના ઔદ્યોગિક હબ ગણાતા વટવા GIDC વિસ્તારમાં મુસાફરી કરતા વાહનચાલકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ખારીકટ કેનાલ પર આવેલો વર્ષો જૂનો મચ્છુનગર બ્રીજ જર્જરિત થઈ જતાં તેને તોડીને નવો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બાંધકામ પ્રક્રિયા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડીને આગામી 6 મહિના માટે આ માર્ગ બંધ રાખવા અને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે.

વટવા GIDCમાં આવેલો આશરે 23 મીટરની લંબાઈ ધરાવતો મચ્છુનગર બ્રીજ હાલ અત્યંત બિસ્માર હાલતમાં છે, જેના કારણે ગમે ત્યારે અકસ્માત થવાનો ભય રહેતો હતો. આ બાબતને ધ્યાને રાખીને GIDC દ્વારા આ બ્રીજનું નવનિર્માણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે પહેલી જાન્યુઆરીથી 30મી જૂન 2026 સુધી તમામ પ્રકારના નાના-મોટા વાહનો માટે અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મહત્વનું છે કે, આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન રામોલ ચાર રસ્તાથી અંબિકા ત્રણ રસ્તા (ત્રિકમપુરા પાટીયા) સુધીનો અંદાજે 200 મીટરનો રોડ બંધ રહેશે. વાહનચાલકોની સુવિધા માટે GIDCથી બહાર જતા વાહનો માટે જે વાહનો મચ્છુનગર અંદરના ભાગથી આવતા હોય, તેમણે રામોલ પોલીસ ચોકી થઈ હાથીજણ લાલગેબી સર્કલ તરફ જવાનું રહેશે. ત્યાંથી તેઓ ત્રિકમપુરા તરફના મુખ્ય માર્ગો પર જઈ શકશે.

GIDC માં પ્રવેશતા વાહનો માટે જે બહારથી GIDCમાં આવવા માંગતા વાહનચાલકોએ ત્રિકમપુરા ચાર રસ્તાથી ડાબી બાજુ વળીને અંદરના માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.

# બિલ્ડરના ઘરમાંથી લોડેડ રિવોલ્વર, 16 જીવતા કારતૂસની ચોરી: નોકરે સુરતથી કોલકાતા જઈ ઇન્સ્ટાગ્રામ પર ફોટા મુક્યાં, પૈસાની ચોરી કરતા ઝડપાતા કાઢી મૂક્યો હતો



**સુરત, તા.31**

સુરતના પોશ ગણાતા વેસુ કેનાલ રોડ પર રહેતા બિલ્ડર અને હીરાના વેપારી મનુ માંગુકીયાના ઘરમાં એક ચોંકાવનારી ઘટના બની છે. વેપારીએ પોતાની લાઈસન્સવાળી રિવોલ્વર જમા કરાવવા માટે લોકરમાં શોધખોળ કરી ત્યારે 50 હજારની કિંમતની રિવોલ્વર અને 16 જીવતા કારતૂસ ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ઘરમાં કામ કરતા નોકર દ્વારા 15મી ડિસેમ્બરે આ રિવોલ્વર કબાટમાં જોઈ હતી, પરંતુ ત્યાર બાદ ઘરમાંથી રિવોલ્વર ગાયબ થઈ ગયો.

વેપારી મનુ માંગુકીયાને ત્યાં અગાઉ મહેશ નામનો નોકર કામ કરતો હતો, જે ગત 10 ઓક્ટોબરે વતન જતા પોતાની જગ્યાએ પ્રવિણ નામના શખસને નોકરી પર મૂકી ગયો હતો. વેપારીએ વિશ્વાસમાં આવીને પ્રવિણના કોઈ પણ ઓળખના દસ્તાવેજો લીધા ન હતા. 20મી ડિસેમ્બરે પ્રવિણ 8 હજારની રોકડ ચોરી કરતા રંગેહાથ પકડાયો હતો, જેથી વેપારીએ તેને તાત્કાલિક નોકરીમાંથી કાઢી મૂક્યો હતો. તે સમયે કોઈને અંદાજ નહોતો કે પ્રવિણ જતા-જતા જીવલેણ હથિયાર પણ સાથે લઈ ગયો છે.

ચોરી કરીને વતન ભાગી ગયેલા પ્રવિણે એક મોટી ભૂલ કરી દીધી. તેણે વેપારીના ઘરેથી ચોરેલી લોડેડ રિવોલ્વર અને 16 જીવતા કારતૂસ સાથેના ફોટા પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર અપલોડ કર્યા હતા. આ ફોટા વેપારીના ધ્યાને આવતા જ હકીકત સામે આવી ગઈ કે રિવોલ્વર બીજું કોઈ નહીં પણ પ્રવિણ જ ચોરી ગયો છે. સોશિયલ મીડિયા પર હથિયારનું પ્રદર્શન કરીને તે રોફ જમાવવા માંગતો હતો, પરંતુ આ ફોટા જ તેના જેલ જવાના રસ્તાનું કારણ બન્યા છે.

વેપારીએ આ ગંભીર મામલે અલથાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રવિણ સામે ગુનો દાખલ કર્યો છે. ચોરાયેલું હથિયાર લોડેડ હોવાથી અને તે ગુનાહિત માનસ ધરાવતા શખશ પાસે હોવાથી પોલીસે આ કેસને ગંભીરતાથી લીધો છે. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે જાણવા મળ્યું છે કે, આરોપી હાલ કોલકાતામાં છુપાયેલો છે. પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક કોલકાતા રવાના થઈ ગઈ છે. આ ઘટના બાદ સુરત પોલીસે ફરી એકવાર શહેરના બિલ્ડરો અને વેપારીઓને અપીલ કરી છે કે ઘરમાં કે ઓફિસમાં કોઈપણ વ્યક્તિને નોકરી પર રાખતા પહેલા તેના આધાર કાર્ડ, ફોટો અને વતનની વિગતો લેવી અનિવાર્ય છે. પ્રવિણના ડોક્યુમેન્ટ ન હોવાથી પોલીસને શરૂઆતમાં મુશ્કેલી પડી હતી, પરંતુ ડિજિટલ ફૂટપ્રિન્ટને કારણે તે પકડાઈ જશે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી એક-બે દિવસમાં આરોપીની ધરપકડ કરી સુરત લાવવામાં આવશે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વડોદરા પાસે પૂરપાટ ઝડપે જઈ રહેલી ટ્રક પલટી ખાઈ જતા સુરતના યુવકનું મોત




**વડોદરા, તા.31**

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ફાજલપુર ટોલનાકા નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં શેરડી ભરેલો ટ્રક પલ્ટી ખાઈ જતા સુરતના રહેવાસી 41 વર્ષીય ગોપાલભાઈ પુંજાભાઈ દેવીપુજકનું મોત નીપજ્યું હતું. આ મામલે નંદેસરી પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

આ અકસ્માત રાત્રે 12:30 વાગ્યે બન્યો હતો. ફરિયાદી સુરેશભાઈ રવજીભાઈ જીલીયા (ઉ.વ. 36, રહે. બોટાદ) તેમના ફુઆ ગોપાલભાઈ તથા અન્ય સગા પ્રહલાદભાઈ સાથે સુરતથી શેરડી ભરેલા આઈસર ટ્રકમાં બોરસદ તરફ જઈ રહ્યા હતા. ફાજલપુર ગામ પાસે ટોલનાકા નજીક ઉતાર પર ટ્રકચાલક કિશનભાઈ ઘનશ્યામભાઈ રાફુસાએ પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવી બેદરકારીથી ટર્ન લીધું હતું. આના કારણે ટ્રક પલટી ખાઈ ગયો અને શેરડી નીચે ગોપાલભાઈ નીચે દબાઈ ગયા હતા.

ઘાયલ ગોપાલભાઈને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજે સવારે સારવાર દરમિયાન ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. ગોપાલભાઈ મૂળ સબાસર ગામ (તા. બાવળા, જી. અમદાવાદ)ના વતની હતા અને હાલ યોગી ચોક, નાના વરાછા, સુરતમાં રહેતા હતા.

ફરિયાદી સુરેશભાઈએ ટ્રકચાલક કિશનભાઈ રાફુસા વિરુદ્ધ બેદરકારી અને ગફલતથી વાહન ચલાવવાના આરોપ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માતથી ગોપાલભાઈના પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

# રોંગ સાઈડ કાર ચલાવવા બાબતે ટોકતા ત્રણ મિત્ર પર હુમલો: કારચાલકે ભાઈ સાથે મળી કડાથી માથું ફોડ્યું ને ચપ્પુ ફેરવતા ગંભીર ઈજા, બંને ભાઈને પોલીસે પાઠ ભણાવ્યો



**સુરત, તા.31**

સુરતના ઉત્રાણ વિસ્તારમાં રોંગ-સાઈડમાં કાર ચલાવવાની બાબત હિંસક અથડામણમાં ફેરવાતાં વિસ્તારમાં ભય અને રોષનું વાતાવરણ સર્જાયું છે. ટ્રાફિક નિયમોના ભંગ અંગે સમજાવવાનો પ્રયાસ કરનાર યુવક અને તેના બે મિત્ર પર માથાભારે ભાઈઓએ ઢીકામુક્કી તથા ચપ્પુથી હુમલો કરતાં ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા બંને સગા ભાઈઓની ધરપકડ કરવામાં આવી છે અને જે જગ્યા પર રોફ જમાવ્યો હતો ત્યાં લઈ જઈને કાયદાનો પાઠ ભણાવ્યો હતો.

બે દિવસ પહેલાં રાત્રે ગોવિંદ પાર્ક સોસાયટી નજીક ગેટ પાસે શુભમ કૈલાશ અખાડે પોતાના મિત્ર ક્રિશ સોલંકી સાથે બેઠા હતા, ત્યારે જગદીશ નગર સોસાયટીના 24 વર્ષીય કરણ મીઠારામ સપકાળે પોતાની કાર રોંગ-સાઈડમાં હંકારીને પસાર થયા હતા. શુભમે ટ્રાફિક સલામતી માટે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કરણ સપકાળે શુભમ સાથે ઉગ્ર ગાળાગાળી શરૂ કરી અને હાથના કડાથી માથા પર હુમલો કર્યો. કરણ તેના ભાઈ શીવા ઉર્ફે બાડાને લઈને પહોંચ્યો અને ચપ્પુથી શુભમ પર હુમલો કરી આંખ, કપાળ અને હોઠ પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

શુભમના મિત્ર દિનેશ અને ક્રિશ પર પણ બંને ભાઈએ ઢીકામુક્કી અને હથિયારથી હુમલો કર્યો હતો. લોકો એકત્ર થતાં હુમલાખોર બંને ભાઈ નાસી છૂટ્યા હતા. જે બાદ ત્રણેય ઘાયલ યુવકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શુભમના પિતાની ફરિયાદને આધારે પોલીસે કરણભાઈ મીઠારામ સપકાળે (ઉ.વ. 24, જગદીશનગર સોસાયટી, ઉત્રાણ) અને શીવા મીઠારામ સપકાળે (ઉ.વ. 26, જગદીશનગર સોસાયટી, ઉત્રાણ) વિરુદ્ધ ગુનો નોંધી બંને ભાઈની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. આ સાથે બંને આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈને રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદીઓની મુશ્કેલી વધશે, શાહીબાગ અંડરપાસ એક અઠવાડિયા માટે બંધ થશે

**અમદાવાદ, તા.31**

સુભાષ બ્રિજ અને ગિરધરનગર બ્રિજ પહેલેથી જ બંધ છે, તેવામાં હવે બુલેટ ટ્રેનની કામગીરી માટે આગામી પાંચથી બાર જાન્યુઆરી સુધી શાહીબાગ અંડરપાસ પણ બંધ રાખવામાં આવશે. એરપોર્ટ, ગાંધીનગરથી શાહીબાગ વચ્ચેના ત્રણેય મુખ્ય બ્રિજ એક સાથે બંધ કરાતા હવે દિલ્હી દરવાજા તરફ જતા વાહનચાલકોને કયા રસ્તે જવું? તે પ્રશ્ન ઉભો થયો છે. બુલેટટ્રેનની કામગીરી માટે આગામી પાંચ તારીખથી આઠ દિવસ સુધી શાહીબાગ અંડરપાસ વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. જો કે તંત્ર દ્વારા એરપોર્ટ, ગાંધીનગરથી શાહીબાગ દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જતા વાહનચાલકોને ડફનાળા રિવરફ્રન્ટ થઈ શિલાલેખ સોસાયટી તરફના રસ્તે ડાયવર્ટ કરાશે. સુભાષ બ્રિજ બંધ હોવાથી આ રસ્તા પર પહેલેથી જ ટ્રાફિકનું ભારણ વધી ગયું છે. તેવામાં હવે વધુ વાહનો ડાયવર્ટ કરાતા ચક્કાજામ સર્જાશે. તેમજ રિક્ષા, બસ જેવા વાહનો રિવરફ્રન્ટ પર પ્રતિબંધિત હોય તેમના માટે કોઈ વૈકલ્પિક માર્ગ દર્શાવાયો નથી. ઉપરાંત દિલ્હી દરવાજા તરફ જતી સિટી બસના રૂટમાં પણ ફેરફાર કરાતા લોકોની હાલાકી વધી શકે છે.

# ફીડર લાઈનનું જોડાણ કરવાનુ હોવાથી જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આધારીત વિસ્તારમાં ૭ જાન્યુ.એ પાણી ઓછુ મળશે

- **વૈષ્ણોદેવી,એસ.જી.હાઈવે ઉપરાંત ભાડજ, શીલજ, બોપલ સહિતના વિસ્તારમાં સ્ટેગર્ડ સપ્લાય આપવામાં નહી આવે**




**અમદાવાદ, તા.31**


જાસપુર ખાતે આવેલા ૨૦૦ મિલીયન લિટર પર ડે ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે પ્લાન્ટના ડિસ્ટ્રીબ્યુશન ચેમ્બર સુધી રો વોટર પહોંચાડવા અલગ અલગ વ્યાસની પાઈપના જોડાણ ઉપરાંત અલગ અલગ ૧૧ ફીડર લાઈનનુ જોડાણ કરવાનુ હોવાથી શટડાઉન કરાશે.૬ જાન્યુઆરી-૨૬ ના રોજ જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આધારીત વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનના વિસ્તારોમાં માત્ર સવારે પાણી સપ્લાય અપાશે.સ્ટેગર્ડ પાણી સપ્લાય નહીં અપાય.આ કામગીરીના કારણે વૈષ્ણોદેવી, એસ.જી.હાઈવે ઉપરાંત ભાડજ, શીલજ, બોપલ સહિતના વિસ્તારોમાં ૭ જાન્યુઆરીએ પાણી ઓછુ મળશે.

કોર્પોરેશનના ઈજનેર વોટર પ્રોજેક્ટ દ્વારા જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે રો વોટર પહોંચાડવા માટે નાંખવામા આવેલી ૨૨૦૦ મીમી વ્યાસની એમ.એસ.પાઈપલાઈનનુ હયાત ૨૦૦૦ અને ૨૫૦૦ મીમી વ્યાસની ગ્રેવીટી રો વોટર એમ.એસ.પાઈપલાઈન સાથે જોડાણ, નવા બનાવાયેલા કલીયર વોટર સમ્પનુ હયાત ૧૨૫ તથા ૨૭૫ એમ.એલ.ડી. સાથે ઈન્ટરકનેકશન તથા વિવિધ ફીડર લાઈનના જોડાણની કામગીરી કરવાની હોવાથી ૬ જાન્યુઆરીએ સવારનો પાણી સપ્લાય આપી જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શટડાઉન કરવામા આવશે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સત્યમેવ જયતે



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જાન્યુઆરી – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી
PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

જાન્યુઆરી –૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.